શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૭

# જ્ઞાનસાર

# અધ્યાત્મસાર

# અધ્યાત્મ ઉપનિષદાદિ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

| | |
|---|---|
| **આજ્ઞા** | : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ |
| **અને** | પ. પૂ. આ. ભ. શ્રીમદ્ |
| **આશીર્વાદ** | વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા. |
| | રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્ |
| | વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. |
| **સંપાદક** | : મુનિ ભવ્યસુંદરવિજય |
| **પ્રકાશક** | : શ્રમણોપાસક પરિવાર |
| | **A/301,** હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ, |
| | જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ), |
| | મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| | કિશોરભાઈ **Mo. 98691 48094** |
| | **shraman.parivar@gmail.com** |

**આવૃત્તિ** : પ્રથમ **વર્ષ** : વિ. સં. ૨૦૭૨



© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ
રસથાળ

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [જ્ઞાન] ને
તપમાં સમાવેશ કરી દીધો છે!
આવો સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ વિદ્વદ્વર્ય
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાંવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંથી ૨૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, વાચકો અને મુમુક્ષુઓ સમક્ષ મૂકવાના એમણે કરેલા આ સ્તુત્ય અને સાર્થક પ્રયાસોની અનુમોદના કરવા માટે મારા શબ્દો ઓછા પડે છે.

પણ સબૂર!

ઘોડાને જળ ભરેલા સરોવર પાસે લઈ જઈ શકાય છે પણ પાણી તો ઘોડાએ મુખે જ પીવું પડે છે.

બસ, સંઘના યુવાનોને એટલું જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ સ્વાધ્યાય માટેનો સ્વાદિષ્ટ રસથાળ અહીં રજૂ તો કરી દીધો છે પણ તૃપ્તિ અને પ્રસન્નતા અનુભવવા એ સ્વાદિષ્ટ રસથાળના દ્રવ્યોને આરોગવાનો પુરુષાર્થ તો આપણે પોતે જ કરવો પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધનો આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને નિર્મળ કરતા રહેવામાં હેવ. શુભ કૃપાએ સફળ બનીએ એ જ અંતરની શુભકામના સાથે

લિ.

રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્‌ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

-

**મુક્તિવલ્લભસૂરિ**
શ્રાવણ સુદ ૧, ૨૦૭૨
સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્‌ભુત ગ્રંથોના અદ્‌ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.
ભવ્યસુંદરવિ.
વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,
મહાવીરનગર, હિંમતનગર.

# શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

# ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** **મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦/-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# જ્ઞાનસાર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પ. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

| | |
|---|---|
| **ગ્રંથ** | : જ્ઞાનસાર સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : જ્ઞાનસાર પ્રકરણ |
| **આધારગ્રંથકર્તા** | : મહો. શ્રી યશોવિજયજી મહારાજા |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : સંસ્કૃત, ગુજરાતી |
| **વિષય** | : અનેક |

~~ પૂર્ણતા ~~

૧/૧ ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥१॥

ઈન્દ્રની સામગ્રીના સુખમાં મગ્ન બનેલાને આખું જગત લીલામાં મગ્ન દેખાય છે; તેમ સત્-ચિદ્-આનંદથી પૂર્ણ જીવને આખું જગત પૂર્ણ જ દેખાય છે.

૧/૪ जागर्ति ज्ञानदृष्टिश्चेत्, तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत् किं स्याद्, दैन्यवृश्चिकवेदना ? ॥२॥

તૃષ્ણારૂપી કાળા સર્પના પણ ઝેરને ઊતારી નાખનાર જાંગુલીમંત્ર જેવી જ્ઞાનદૃષ્ટિ જો ખુલ્લી હોય, તો પછી પૂર્ણાનંદ સ્વરૂપ આત્માને દીનતા રૂપ વીંછીના ડંખની વેદના શી રીતે હોય ? અર્થાત્ જ્ઞાનદૃષ્ટિવાળો તૃષ્ણા ન હોવાથી કદી દીન ન હોય.

૧/૭ परस्वत्वकृतोन्माथा, भूनाथा न्यूनतेक्षिणः ।
स्वस्वत्वसुखपूर्णस्य, न्यूनता न हरेरपि ॥३॥

પરપદાર્થમાં 'આ મારું છે' એવી બુદ્ધિથી વ્યગ્ર થયેલ રાજાઓને પણ પોતાની સમૃદ્ધિ વગેરે ઓછી જ લાગે છે. જે પોતાની જાતમાં જ સુખ માને છે, તે સુખથી પૂર્ણ થયેલા તેને પોતાની સુખસમૃદ્ધિ ઈન્દ્ર કરતાં પણ ઓછી લાગતી નથી.

~~ મગ્નતા ~~

२/२ यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।
विषयान्तरसंचारः, तस्य हालाहलोपमः ॥४॥

જે જ્ઞાનરૂપી અમૃતના સાગર સમાન પરબ્રહ્મ (આત્મ-સ્વભાવ)માં મગ્ન છે, તેને મનને બીજા (દુન્યવી/પૌદ્‌ગલિક) વિષયમાં લઈ જવું પણ ઝેર જેવું લાગે છે.

२/३ स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वावलोकिनः ।
कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥५॥

સ્વભાવસુખમાં જ મગ્ન, જગતના વાસ્તવિક સ્વરૂપને જોનાર વ્યક્તિ પોતાને કોઈ કાર્યનો કર્તા માનતી નથી, માત્ર સાક્ષી જ માને છે.

२/६ ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लेषैः, नापि तच्चन्दनद्रवैः ॥६॥

જ્ઞાનમાં મગ્ન બનેલાને જે સુખનો અનુભવ થાય છે, તે વર્ણવી શકાતો નથી. તેને પ્રિય પત્નીના આલિંગન કે ચંદનના વિલેપનના સુખ સાથે પણ સરખાવી શકાય નહીં.

~~ સ્થિરતા ~~

३/४ अन्तर्गतं महाशल्यं, अस्थैर्यं यदि नोद्धृतम् ।
क्रियौषधस्य को दोषः, तदा गुणमयच्छतः ? ॥७॥

અંતર(મન)માં રહેલ અસ્થિરતા નામનું શલ્ય (કાંટો) જો કાઢવામાં ન આવ્યું હોય, તો (ધર્મ)ક્રિયા રૂપી ઔષધ કંઈ ફાયદો ન કરે, તેમાં તેનો શું દોષ ?

~~ અમોહ ~~

૪/૧ अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥८॥

"હું અને મારું" આ મોહરાજાનો મંત્ર જગતને આંધળું કરનાર છે. નકારપૂર્વકનો તે જ મંત્ર (આ હું નથી, આ મારું નથી), મોહને જીતનાર પ્રતિમંત્ર છે.

૪/૨ शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥९॥

હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું, બીજું કાંઈ (શરીર વગેરે) નથી. શુદ્ધ જ્ઞાન જ મારો ગુણ છે, બીજું કાંઈ (ધન વગેરે) મારું નથી. એ (ભાવના) મોહને હણવા માટે ધારદાર શસ્ત્ર છે.

~~ જ્ઞાન ~~

૫/૧ मज्जत्यज्ञः किलाज्ञाने, विष्ठायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥१०॥

ભૂંડ જેમ વિષ્ઠામાં, તેમ અજ્ઞાની અજ્ઞાનમાં (પર-ભાવમાં) મગ્ન બને છે. જ્ઞાની તો માનસરોવરમાં હંસની જેમ જ્ઞાન(સ્વભાવ)માં જ મગ્ન હોય છે.

५/८ पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥११॥

પંડિતો જ્ઞાનને સમુદ્રમંથન વિના જ મળેલું અમૃત, ઔષધોના સંયોજન વિના જ બનેલું રસાયણ અને પરપદાર્થની અપેક્ષા વિનાનું ઐશ્વર્ય કહે છે.

~~ શમ ~~

६/१ विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।
ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः ॥१२॥

વિકલ્પોથી રહિત અને આત્માના શુદ્ધ સ્વભાવના આલંબનવાળો એવો જે જ્ઞાનનો પરિપાક તે 'શમ' છે.

६/५ ज्ञानध्यानतपःशील-सम्यक्त्वसहितोऽप्यहो ! ।
तं नाप्नोति गुणं साधुः, यं प्राप्नोति शमान्वितः ॥१३॥

અહો ! 'શમ'ગુણયુક્ત સાધુ જે લાભ પામે છે, તે લાભ જ્ઞાન-ધ્યાન-તપ-ચારિત્ર-સમ્યક્ત્વ બધાથી યુક્ત (પણ શમ વિનાનો) સાધુ પણ પામી શકતો નથી.

६/६ स्वयम्भूरमणस्पर्द्धि-वर्धिष्णुसमतारसः ।
मुनिर्येनोपमीयेत, कोऽपि नासौ चराचरे ॥१४॥

સતત વૃદ્ધિ પામતી (અને તેથી જ) સ્વયંભૂરમણ સમુદ્રની પણ સ્પર્ધા કરનાર એવી સમતાવાળા મુનિની તુલના થઈ શકે એવો કોઈ પદાર્થ આ જડ કે ચેતન જગતમાં નથી.

૬/૭ शमसूक्तसुधासिक्तं, येषां नक्तंदिनं मनः ।
कदाऽपि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥१५॥

જેમનું મન રાત-દિવસ સમતાભરપૂર વચનોના અમૃતથી સિંચાયેલું છે, તેઓને રાગરૂપી સર્પના ઝેરની પિચકારી પણ બાળી શકતી નથી.

~~ ઇન્દ્રિયજય ~~

૭/૧ बिभेषि यदि संसारात्, मोक्षप्राप्तिं च काङ्क्षसि ।
तदेन्द्रियजयं कर्तुं, स्फोरय स्फारपौरुषम् ॥१६॥

જો તું સંસારથી ડરે છે, અને મોક્ષ મેળવવા માંગે છે, તો ઇન્દ્રિયો પર વિજય મેળવવા પ્રચંડ પરાક્રમને ફોરવ.

૭/૪ आत्मानं विषयैः पाशैः, भववासपराङ्मुखम् ।
इन्द्रियाणि निबध्नन्ति, मोहराजस्य किङ्कराः ॥१७॥

સંસારથી વિમુખ થયેલા (છૂટવા ઇચ્છતા) આત્માને, મોહરાજાની નોકર એવી ઇન્દ્રિયો, વિષયોરૂપી બંધનથી બાંધી દે છે.

૭/૭ पतङ्गभृङ्गमीनेभ-सारङ्गा यान्ति दुर्दशाम् ।
एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टैस्तैः किं न पञ्चभिः ? ॥१८॥

જો એક એક ઇન્દ્રિયના કારણે પતંગિયું, ભમરો, માછલી, હાથી અને હરણ દુર્દશાને પામે છે, તો દુષ્ટ એવી પાંચે ઇન્દ્રિયોથી તો શું ન થાય ?

७/८ विवेकद्विपहर्यक्षैः, समाधिधनतस्करैः ।
इन्द्रियैर्यो न जितोऽसौ, धीराणां धुरि गण्यते ॥१९॥

વિવેકરૂપ હાથીને હણનાર સિંહ સમાન અને સમાધિરૂપ ધનને લૂંટનાર ચોર સમાન એવી ઈન્દ્રિયો વડે જે જીતાયો નથી, તે ધીરપુરુષોમાં શ્રેષ્ઠ ગણાય છે.

~~ ત્યાગ ~~

८/२ युष्माकं सङ्गमोऽनादिः, बन्धवोऽनियतात्मनाम् ।
ध्रुवैकरूपान् शीलादि-बन्धूनित्यधुना श्रये ॥२०॥

હે સ્વજનો ! અનિયત સ્વરૂપવાળા (ગમે ત્યારે બદલાઈ જનારા) તમારો સંબંધ તો અનાદિ કાળથી છે. (એટલે તેને ત્યાગીને) હવે હું નિશ્ચિત-એક જ સ્વરૂપવાળા શીલ વગેરે સ્વજનોનો આશરો લઉં છું.

८/५ गुरुत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः ॥२१॥

જ્યાં સુધી શિક્ષા(અભ્યાસ)ના પરિણમનથી આત્મ-સ્વરૂપનું જ્ઞાન થઈ જવાથી પોતાનામાં ગુરુત્વ આવતું નથી, ત્યાં સુધી ઉત્તમ ગુરુની સેવા કરવી જોઈએ.

~~ ક્રિયા ~~

९/१ ज्ञानी क्रियापरः शान्तो, भावितात्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः, परांस्तारयितुं क्षमः ॥२२॥

જ્ઞાની, ક્રિયામાં પરાયણ, ઉપશાંત, ભાવનાઓથી ભાવિત અને ઇન્દ્રિયને જીતનાર, પોતે સંસારસમુદ્ર તરી ગયો છે અને બીજાને તારવા સમર્થ છે.

९/२ क्रियाविरहितं हन्त !, ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥२३॥

ક્રિયા વિનાનું માત્ર જ્ઞાન નિરર્થક છે. રસ્તાને જાણનારો પણ ચાલ્યા વિના ઇચ્છિત નગરે પહોંચતો નથી.

९/४ बाह्यभावं पुरस्कृत्य, येऽक्रिया व्यवहारतः ।
वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ॥२४॥

'ક્રિયા તો બાહ્યભાવ છે' એમ કહીને વ્યવહારથી જે ક્રિયારહિત છે, તે મોઢામાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિને ઇચ્છી રહ્યા છે.

९/५ गुणवद्बहुमानादेः, नित्यस्मृत्या च सत्क्रिया ।
जातं न पातयेद् भावम्, अजातं जनयेदपि ॥२५॥

ગુણવાનોના બહુમાન વગેરે અને સદા સ્મરણના કારણે સત્ક્રિયા, ઉત્પન્ન થયેલા ભાવને પડવા નથી દેતી (ટકાવે છે) અને નવો ભાવ ઉત્પન્ન પણ કરે છે.

९/६ क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ॥२६॥

ક્ષાયોપશમિક ભાવ હોય ત્યારે જે ક્રિયા કરાય, તેનાથી (સંયોગવશાત્) પડેલા તે ભાવની ફરી વૃદ્ધિ થાય છે.

९/७ गुणवृद्ध्यै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।
एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥२७॥

એટલે ગુણની વૃદ્ધિ માટે કે પતન રોકવા માટે ક્રિયા કરવી. (કારણકે હાનિ-વૃદ્ધિ ન થાય તેવું) નિશ્ચલ એક સંયમસ્થાન તો માત્ર કેવલીઓને જ હોય છે.

~~ તૃપ્તિ ~~

१०/२ स्वगुणैरेव तृप्तिश्चेद्, आकालमविनश्वरी ।
ज्ञानिनो विषयैः किं तैः, यैर्भवेत् तृप्तिरित्वरी ? ॥२८॥

જો પોતાના ગુણોથી જ કદી નાશ ન પામનારી તૃપ્તિ થતી હોય તો પછી જેનાથી ક્ષણિક જ તૃપ્તિ થાય તેવા વિષયોનું જ્ઞાનીને શું કામ છે ?

१०/३ या शान्तैकरसास्वादाद्, भवेत् तृप्तिरतीन्द्रिया ।
सा न जिह्वेन्द्रियद्वारा, षड्रसास्वादनादपि ॥२९॥

શાંતરસના આસ્વાદથી જે અવર્ણનીય અનુભવગમ્ય તૃપ્તિ થાય છે, તે જીભ દ્વારા ષડ્રસના ભોજનથી પણ નથી થતી.

१०/५ पुद्गलैः पुद्गलास्तृप्तिं, यान्त्यात्मा पुनरात्मना ।
परतृप्तिसमारोपो, ज्ञानिनस्तन्न युज्यते ॥३०॥

પુદ્‌ગલથી તો પુદ્‌ગલને જ તૃપ્તિ થાય. આત્મા તો પોતાનાથી(સ્વગુણોથી) જ તૃપ્તિ પામે. એટલે પરપદાર્થથી તૃપ્તિનો ભ્રમ કરવો, તે જ્ઞાનીને શોભતો નથી.

१०/७ विषयोर्मिविषोद्गारः, स्यादतृप्तस्य पुद्गलैः ।
ज्ञानतृप्तस्य तु ध्यान-सुधोद्गारपरम्परा ॥३१॥

જે પુદ્‌ગલોથી અતૃપ્ત છે, તેને તો વિષયોની ઇચ્છારૂપ ઝેરી ઓડકાર આવે છે. જ્ઞાનથી તૃપ્તને તો ધ્યાનરૂપ અમૃતના ઓડકારોની શૃંખલા ચાલે છે.

१०/८ सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ! ।
भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥३२॥

વિષયોથી અતૃપ્ત એવા ઇન્દ્ર, ઉપેન્દ્રો પણ સુખી નથી. જગતમાં જ્ઞાનથી તૃપ્ત થયેલ નિઃસ્પૃહ સાધુ જ એકમાત્ર સુખી છે.

~~ निर्लेपता ~~

११/२ नाहं पुद्गलभावानां, कर्ता कारयिताऽपि च ।
नानुमन्ताऽपि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ? ॥३३॥

હું પુદ્‌ગલના પર્યાયોનો કરનાર, કરાવનાર કે અનુમોદનાર નથી, એવા આત્મજ્ઞાનવાળો શી રીતે ક્યાંય આસક્ત થાય ? ન જ થાય.

१०/६ अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ।
शुद्ध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा ॥३४॥

આત્મા નિશ્ચયનયથી અલિપ્ત છે. વ્યવહારથી લિપ્ત છે. જ્ઞાની અલિપ્તતા જોઈને (તેનું ધ્યાન કરીને) અને ક્રિયાવાન્ લિપ્તતા જોઈને (તેનો ત્યાગ કરીને) શુદ્ધ થાય છે.

~~ નિઃસ્પૃહતા ~~

१२/१ स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते ।
इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः ॥३५॥

"આત્મસ્વભાવની પ્રાપ્તિ સિવાય બીજું કાંઈ મેળવવા જેવું નથી" એવો નિઃસ્પૃહ મુનિ, આત્માના ઐશ્વર્યને પામે છે.

१२/२ संयोजितकरैः के के, प्रार्थ्यन्ते न स्पृहावहैः ? ।
अमात्रज्ञानपात्रस्य, निःस्पृहस्य तृणं जगत् ॥३६॥

સ્પૃહાવાળા માણસો હાથ જોડીને કોની કોની પાસે યાચના નથી કરતા ? (બધાની પાસે કરે છે). અમાપ જ્ઞાનના ધારક અને નિઃસ્પૃહ મુનિને તો આખું જગત (બધા જ પદાર્થો) તણખલા જેવું (નકામું) લાગે છે.

१२/७ भूशय्या भैक्षमशनं,
जीर्णं वासो वनं गृहम् ।
तथाऽपि निःस्पृहस्याहो !,
चक्रिणोऽप्यधिकं सुखम् ॥३७॥

ધરતી એ જ પથારી, માંગીને ખાવાનું, જીર્ણ વસ્ત્રો અને જંગલમાં રહેવાનું, આ બધા છતાં અહો ! નિઃસ્પૃહને ચક્રવર્તી કરતાં પણ વધુ સુખ હોય છે.

૧૨/૮ परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥३८॥

પરપદાર્થની સ્પૃહા એ જ મહાદુઃખ છે અને નિઃસ્પૃહતા જ મહાસુખ છે. સુખ અને દુઃખના ટૂંકમાં આ લક્ષણો કહ્યા છે.

~~ મૌન ~~

૧૩/૪ यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ।
अतात्त्विकी मणिज्ञप्तिः, मणिश्रद्धा च सा यथा॥३९॥

જે(મણિનું જ્ઞાન કે શ્રદ્ધા)ના થવા છતાં મણિને લેવા પ્રવૃત્તિ ન કરે કે મણિથી મળતું ફળ ન મળે, તેવું મણિનું જ્ઞાન કે મણિ પરની શ્રદ્ધા જેમ ખોટા છે...

૧૩/૫ तथा यतो न शुद्धात्म-स्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा, न तज्ज्ञानं न दर्शनम् ॥४०॥

તેમ જેનાથી શુદ્ધ આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કે દોષનિવૃત્તિ રૂપ ફળ ન આવે, તે જ્ઞાન કે દર્શન નથી.

૧૩/૭ सुलभं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ॥४१॥

ન બોલવારૂપ મૌન તો એકેન્દ્રિયમાં પણ સરળ છે. મન-વચન-કાયાને પુદ્‌ગલમાં પ્રવૃત્ત ન થવા દેવા તે ઉત્તમ મૌન છે.

~~ વિદ્યા ~~

१४/३ तरङ्गतरलां लक्ष्मीम्, आयुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्यायेद्, अभ्रवद् भङ्गुरं वपुः ॥४२॥

નિર્મળ બુદ્ધિવાળો, લક્ષ્મીને સમુદ્રના મોજા જેવી ક્ષણિક, આયુષ્યને પવનની લહેરની જેમ અસ્થિર અને શરીરને વાદળ જેવું ક્ષણભંગુર વિચારે.

१४/४ शुचीन्यप्यशुचीकर्तुं, समर्थेऽशुचिसम्भवे ।
देहे जलादिना शौच-भ्रमो मूढस्य दारुणः ॥४३॥

શુચિ પદાર્થને પણ અશુચિ કરવામાં સમર્થ અને અશુચિમાંથી જ ઉત્પન્ન થયેલ શરીર, જળ વિગેરેથી શુચિ થાય તેમ માનવું તે મૂઢ માણસનો દારુણ ભ્રમ છે.

~~ વિવેક ~~

१५/२ देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्याऽपि तद्भेद-विवेकस्त्वतिदुर्लभः ॥४४॥

'શરીર એ જ આત્મા છે' તેવો અવિવેક સંસારમાં સદા સુલભ છે. તે બે ભિન્ન છે, તેવું જ્ઞાન કરોડો ભવોમાં પણ અતિ દુર્લભ છે.

१५/८ संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्म-शत्रुच्छेदक्षमं भवेत् ॥४५॥

વિવેકરૂપી સરાણથી ઘસેલું અને ધૃતિ(નિશ્ચલતા) રૂપ ધારથી ઘાતક બનેલું સંયમરૂપી શસ્ત્ર, કર્મરૂપી શત્રુને વીંધી નાખવા સમર્થ બને.

~~ મધ્યસ્થતા ~~

१६/२ मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥४६॥

મધ્યસ્થ માણસના મનરૂપી વાછરડું, યુક્તિરૂપી ગાયને અનુસરે છે. કદાગ્રહીના મનરૂપી વાંદરો તે(યુક્તિરૂપી ગાય)ને પૂંછડીથી પોતાની તરફ ખેંચે છે. (કુતર્ક કરે છે.)

१६/४ स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः ।
न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥४७॥

માણસો પોતે કરેલા કર્મને પરવશ અને પોતાના કર્મના ફળને ભોગવનારા છે. મધ્યસ્થ માણસ તે કોઈના પર રાગ કે દ્વેષ કરતો નથી.

१६/७ स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमम् ।
न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥४८॥

અમે અમારા શાસ્ત્રો રાગના કારણે માનીએ છીએ અને બીજાના શાસ્ત્રો દ્વેષના કારણે નથી માનતા તેવું નથી, પરંતુ મધ્યસ્થ દૃષ્ટિથી (પરીક્ષા કરીને) તેમ કરીએ છીએ.

૧૬/૮ मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु ।
चारिसंजीवनीचार-न्यायादाशास्महे हितम् ॥४९॥

મધ્યસ્થ દૃષ્ટિથી અપુનર્બંધક વગેરે સર્વ જીવોનું ચારિ-સંજીવની-ચાર ન્યાયથી હિત ઇચ્છીએ છીએ.

~~ નિર્ભયતા ~~

૧૭/૧ यस्य नास्ति परापेक्षा, स्वभावाद्वैतगामिनः ।
तस्य किं न भयभ्रान्ति-क्लान्तिसन्तानतानवम् ? ॥५०॥

એક માત્ર આત્મસ્વભાવમાં મગ્ન એવા જેને પરપદાર્થની અપેક્ષા જ નથી, તેને (ન મળવાના) ભય અને (અનિષ્ટ મળવાના) ભ્રમથી થતા દુઃખોની પરંપરા કેમ નબળી ન પડે ? પડે જ.

૧૭/૨ भवसौख्येन किं भूरि-भयज्वलनभस्मना ? ।
सदा भयोज्झितज्ञान-सुखमेव विशिष्यते ॥५१॥

ઘણા ભય રૂપ અગ્નિથી બળીને રાખ થયેલા સંસારસુખોનું શું કામ છે ? સદા ભયરહિત એવું જ્ઞાનરૂપ સુખ જ સર્વશ્રેષ્ઠ છે.

૧૭/૩ न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ? ॥५२॥

જગતમાં કશું છુપાવવા જેવું નથી, કશું ક્યાંય સ્થાયી રાખવા જેવું નથી, (શુદ્ધનયથી) કશું હેય નથી, કશું ઉપાદેય નથી, માત્ર જ્ઞેય છે. એવું જ્ઞાનથી જાણતા મુનિને ભય શી રીતે રહે ?

१७/६ कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीस्तस्य क्व वा भङ्गः, कर्मसङ्गरकेलिषु ? ॥५३॥

મોહના શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાનરૂપી બખ્તર જે પહેરે છે, તેને કર્મ સાથેનો સંગ્રામ રમત જેવો લાગે. તેમાં તેને ભય શેનો ? અને તેનો પરાજય પણ ક્યાંથી થાય ? ન જ થાય.

१७/८ चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयम् ? ॥५४॥

જેમાં કોઈનાથી ભય નથી તેવું ચારિત્ર જેમના ચિત્તમાં પરિણામ પામ્યું છે (સ્થિર થયું છે) અને અખંડ એવું જ્ઞાનરૂપ રાજ્ય જેને મળ્યું છે તેવા સાધુને ભય શેનાથી હોય ?

~ આત્મપ્રશંસાત્યાગ ~

१८/१ गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।
गुणैरेवासि पूर्णश्चेत्, कृतमात्मप्रशंसया ॥५५॥

જો તું ગુણોથી પૂર્ણ નથી તો આત્મપ્રશંસા (ખોટી હોવાથી) નકામી છે. અને જો તું ગુણોથી પૂર્ણ જ છે, તો આત્મપ્રશંસાથી કોઈ લાભ નથી.

१८/२ श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षाम्भःप्रवाहतः ।
पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्स्यसि ? ॥५६॥

આપવડાઈ રૂપી પાણીના પૂર વડે કલ્યાણરૂપી વૃક્ષના મૂળિયાં જેવા સુકૃતોને પ્રગટ કરી નાખતો (ઉખેડી નાંખતો) તું ફળ શું મેળવીશ ?

१८/३ आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।
अहो ! स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ॥५७॥

પોતાના ગુણરૂપી દોરડાં જો બીજા ગ્રહણ કરે તો (તેમના) હિત માટે થાય. પણ અહો ! જો પોતે જ ગ્રહણ કરે (આપવડાઈ કરે) તો (પોતાને) સંસારસમુદ્રમાં ડૂબાડે.

१८/४ उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशान्तिकम् ।
पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनम् ॥५८॥

"પૂર્વકાલીન મહાપુરુષોથી હું અત્યંત હીન છું" એવી ભાવના, પોતાની વડાઈ જોવારૂપ દોષથી ઉત્પન્ન થયેલ આત્મપ્રશંસારૂપ તાવને શમાવે છે.

१८/५ शरीररूपलावण्य-ग्रामारामधनादिभिः ।
उत्कर्षः परपर्यायैः, चिदानन्दघनस्य कः ? ॥५९॥

જ્ઞાનરૂપ આનંદથી પૂર્ણ એવા આત્માએ પર(પુદ્ગલ)ના પર્યાયરૂપ શરીર, રૂપ, લાવણ્ય, ઇન્દ્રિયના વિષયો, બગીચો, ધન વગેરે(ની માલિકી)થી અભિમાન શું કરવું ?

१८/६ शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्यायाः परिभाविताः ।
अशुद्धाश्चापकृष्टत्वात्, नोत्कर्षाय महामुनेः ॥६०॥

દરેક આત્મામાં શુદ્ધ (જ્ઞાનાદિ) પર્યાયો તો સમાનપણે રહેલા દેખાય છે. અને (શરીરાદિ) અશુદ્ધ પર્યાયો તો મૂલ્યહીન હોવાથી મહામુનિને અભિમાનનું કારણ બનતા નથી.

१८/७ क्षोभं गच्छन् समुद्रोऽपि, स्वोत्कर्षपवनेरितः ।
गुणौघान् बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ? ॥६१॥

તું ગુણનો સમુદ્ર હોવા છતાં, આપવડાઈના પવનથી ખળભળીને ગુણના સમૂહોને પરપોટારૂપ કરીને કેમ ફોગટ નષ્ટ કરે છે ?

~~ તત્ત્વદૃષ્ટિ ~~

१९/१ रूपे रूपवती दृष्टिः, दृष्ट्वा रूपं विमुह्यति ।
मज्जत्यात्मनि नीरूपे, तत्त्वदृष्टिस्त्वरूपिणी ॥६२॥

રૂપી(ચક્ષુની) દૃષ્ટિ, રૂપી પદાર્થમાં રૂપ જોઈને મોહ પામે છે. અરૂપી એવી તત્ત્વદૃષ્ટિ અરૂપી એવા આત્મામાં જ મગ્ન બને છે.

१९/३ ग्रामारामादि मोहाय, यद् दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्ट्या तदेवान्तर्, नीतं वैराग्यसम्पदे ॥६३॥

બાહ્ય દષ્ટિથી જોવાયેલા જે ગામ-ઉદ્યાન વગેરે મોહ માટે થાય છે, તે જ તત્ત્વદષ્ટિથી જોવાય તો વૈરાગ્યની પ્રાપ્તિનું કારણ બને છે.

१९/४ बाह्यदृष्टेः सुधासार-घटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु सा साक्षाद्, विण्मूत्रपिठरोदरी ॥६४॥

બાહ્ય દષ્ટિવાળાને સ્ત્રી અમૃત વગેરે સારભૂત પદાર્થોથી બનેલી લાગે છે. તત્ત્વદષ્ટિવાળાને તો વિષ્ઠા અને મૂત્રથી ભરેલ કોથળી રૂપ પેટવાળી દેખાય છે.

१९/५ लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।
तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलम् ॥६५॥

બાહ્ય દષ્ટિવાળો શરીરને લાવણ્યની રેખાઓથી સુંદર જુએ છે. તત્ત્વદષ્ટિવાળો તેને કૃમિઓના સમૂહથી ભરેલ અને કાગડા-કૂતરાના ખોરાકરૂપે જુએ છે.

१९/६ गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वेभवनात् कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ॥६६॥

બાહ્યદષ્ટિવાળાને હાથી અને ઘોડાઓના કારણે રાજમહેલ વિસ્મય ઉત્પન્ન કરે છે. તત્ત્વદષ્ટિવાળાને તો રાજમહેલ અને હાથી-ઘોડાથી ભરેલ જંગલ વચ્ચે કોઈ ભેદ દેખાતો નથી.

१९/७ भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग् वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥६७॥

બાહ્યદૃષ્ટિવાળો શરીર પર લગાડેલ ભસ્મ, વાળનો લોચ અને મલિન શરીરથી (પોતાને કે બીજાને) મહાન્ માને છે. તત્ત્વજ્ઞાની, જ્ઞાનરૂપ સામ્રાજ્યથી જ મહાન્ માને છે.

~~ સમૃદ્ધિ ~~

२०/१ बाह्यदृष्टिप्रचारेषु, मुद्रितेषु महात्मनः ।
अन्तरेवावभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ॥६८॥

બાહ્ય દૃષ્ટિનો ફેલાવો રોકાયે છતે મહાત્માને અંદર (આત્મામાં) જ સર્વ સમૃદ્ધિઓ સ્પષ્ટ દેખાય છે.

२०/२ समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥६९॥

સમાધિ એ નંદનવન, ધૈર્ય એ વજ્ર, સમતા એ ઈન્દ્રાણી અને જ્ઞાન એ મહાવિમાન. આ મુનિની ઈન્દ્રતુલ્ય સમૃદ્ધિ છે.

~~ કર્મ ~~

२१/१ दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ।
मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥७०॥

આખું જગત કર્મને પરવશ છે, એમ જાણતા મુનિ દુઃખ પામીને દીન ન થાય, સુખ પામીને લીન ન બને.

૨૧/૨ येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।
तैरहो ! कर्मवैषम्ये, भूपैर्भिक्षाऽपि नाप्यते ॥७१॥

જેમની ભૃકુટી તણાવાથી પર્વતો પણ ફોડી નખાતા હતા, તે રાજાઓને અહો ! કર્મ પ્રતિકૂળ થતાં ભિક્ષા પણ મળતી નથી !

૨૧/૩ जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।
क्षणाद् रङ्कोऽपि राजा स्यात्, छत्रच्छन्नदिगन्तरः ॥७२॥

હીન જાતિનો અને બુદ્ધિ વગરનો પણ માણસ, કર્મનો અભ્યુદય થતાં ક્ષણવારમાં રંકમાંથી સર્વત્ર જેના માથે છત્ર ધરાતું હોય તેવો રાજા થઈ જાય છે.

૨૧/૫ आरूढाः प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारं, अहो ! दुष्टेन कर्मणा ॥७३॥

ઉપશમશ્રેણિ ચડેલા અને ચૌદ પૂર્વધરો પણ દુષ્ટ કર્મના કારણે અહો ! અનંત સંસાર રખડે છે.

~~ ભવભય ~~

૨૨/૬ तैलपात्रधरो यद्वद्, राधावेधोद्यतो यथा ।
क्रियास्वनन्यचित्तः स्याद्, भवभीतस्तथा मुनिः ॥७४॥

છલોછલ તેલ ભરેલું વાસણ પકડી રાખનાર કે રાધાવેધ સાધનાર જેમ પોતાના કાર્યમાં એકાગ્રચિત્તવાળો થાય છે, તેમ ભવભીરુ મુનિ (ધર્મકાર્યમાં) એકાગ્ર થાય છે.

~~ લોકસંજ્ઞાત્યાગ ~~

२३/१ प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसंज्ञारतो न स्याद्, मुनिर्लोकोत्तरस्थितिः ॥७५॥

સંસારરૂપી દુર્ગમ પર્વતને ઓળંગી જવારૂપ છટ્ઠા ગુણસ્થાનને પ્રાપ્ત કરેલ, લોકોત્તર આચારને ધારણ કરનાર મુનિ લોકસંજ્ઞામાં ન રમે.

२३/२ यथा चिन्तामणिं दत्ते, बठरो बदरीफलैः ।
हहा ! जहाति सद्धर्मं, तथैव जनरञ्जनैः ॥७६॥

અરે ! જેમ મૂર્ખ માણસ બોરના બદલામાં ચિંતામણિ આપી દે, તેમ લોકોને ખુશ કરવા માટે મૂઢ માણસો સાચા ધર્મને છોડી દે છે. (અશુદ્ધ ધર્મ આચરે છે.)

२३/४ लोकमालम्ब्य कर्तव्यं, कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात् कदाचन ॥७७॥

જો લોકને અનુસરીને, ઘણાંએ જે કર્યું તે જ કરવાનું હોય, તો મિથ્યાત્વીઓનો ધર્મ ક્યારેય ત્યાજ્ય નહીં બને.

२३/५ श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे न च ।
स्तोका हि रत्नवणिजः, स्तोकाश्च स्वात्मसाधकाः ॥७८॥

લૌકિક (અન્ય ધર્મો) કે લોકોત્તર (જૈન) ધર્મમાં ખરા હિતેચ્છુ ઓછા જ હોય છે. રત્નના વેપારીઓ થોડાં જ હોય, તેમ સાચા આત્મસાધકો થોડા જ હોય છે.

૨૩/૭ आत्मसाक्षिकसद्धर्म-सिद्धौ किं लोकयात्रया ?।
तत्र प्रसन्नचन्द्रश्च, भरतश्च निदर्शने ॥७९॥

ધર્મ આત્મસાક્ષીએ જ સિદ્ધ છે, તો પછી લોકોને ખુશ કરવાની શું જરૂર છે ? આ વિષયમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ભરત ચક્રવર્તીના દૃષ્ટાંત વિચારવા.

~~ શાસ્ત્ર ~~

૨૪/૧ चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥८०॥

ચામડાની આંખ બધાને છે. દેવોને અવધિજ્ઞાનરૂપ આંખ છે. સિદ્ધોને (સર્વ ક્ષેત્ર-કાળનું જ્ઞાન હોવાથી) સર્વત્ર આંખ છે. સાધુઓને તો શાસ્ત્ર જ આંખ છે.

૨૪/૪ शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥८१॥

શાસ્ત્રને આગળ કર્યું એટલે ભગવાનને આગળ કર્યા. અને એટલે નિયમા સર્વ સિદ્ધિઓ થાય.

૨૪/૫ अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥८२॥

શાસ્ત્રરૂપ દીપક વિના, ન દેખાતા (પરલોક વગેરે) પદાર્થો પાછળ દોડતા મૂર્ખો ડગલે ને પગલે ઠેબાં ખાતાં અત્યંત દુઃખ પામે છે.

२४/६ शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञा-निरपेक्षस्य नो हितम् ।
भौतहन्तुर्यथा तस्य, पदस्पर्शनिवारणम् ॥८३॥

શાસ્ત્ર-આજ્ઞાને નહીં વિચારનારને નિર્દોષ ગોચરી વગેરે આચારો પણ હિતકર નથી, જેમ ભૌત-સંન્યાસીને મારનારની તેના પગને ન અડવાની કાળજી.

२४/७ अज्ञानाहिमहामन्त्रं, स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।
धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥८४॥

મહર્ષિઓ શાસ્ત્રને અજ્ઞાનરૂપી સર્પ માટે મંત્ર, સ્વચ્છંદતા રૂપ જ્વર માટે લાંઘણ અને ધર્મરૂપ ઉદ્યાન માટે અમૃતની નીક સમાન કહે છે.

~~ અપરિગ્રહ ~~

२५/३ यस्त्यक्त्वा तृणवद् बाह्यं, आन्तरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ॥८५॥

જે બાહ્ય અને આંતર (કષાયાદિ) પરિગ્રહને તૃણની જેમ તજીને સમતાભાવે રહે છે, તેના ચરણકમળની ત્રણે લોક સેવા કરે છે.

२५/४ चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।
त्यागात्कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ॥८६॥

આભ્યંતર ગ્રંથ (કષાયાદિ)થી જો ચિત્ત કલુષિત છે, તો બહારની નિર્ગ્રંથતા વ્યર્થ છે. કાંઈ કાંચળી ઊતારવાથી સર્પનું ઝેર ઉતરતું નથી.

૨૫/૮ मूर्च्छाच्छन्नधियां सर्वं, जगदेव परिग्रहः ।
मूर्च्छया रहितानां तु, जगदेवापरिग्रहः ॥८७॥

મૂર્ચ્છા યુક્ત ચિત્તવાળાને તો (કશું પાસે ન હોય તોય) આખું જગત પરિગ્રહરૂપ છે. મૂર્ચ્છા રહિતને તો આખું જગત (પોતાનું હોય તોય) અપરિગ્રહરૂપ છે.

~~ અનુભવ ~~

૨૬/૧ सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।
बुधैरनुभवो दृष्टः, केवलार्कारुणोदयः ॥८८॥

પંડિતોએ અનુભવને દિવસ-રાતથી જુદી સંધ્યાની જેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન અને કેવલજ્ઞાનરૂપી સૂર્યના અરુણોદય સમાન કહ્યો છે.

૨૬/૨ व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शन एव हि ।
पारं तु प्रापयत्येको-ऽनुभवो भववारिधेः ॥८९॥

સર્વ શાસ્ત્રોનું કાર્ય તો માત્ર માર્ગદર્શન આપવાનું જ છે. સંસાર-સમુદ્રનો પાર પમાડનાર તો એકમાત્ર અનુભવ છે.

२६/४ ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात् तेषु निश्चयः ॥९०॥

જો હેતુ-ઉદાહરણ વગેરે તર્કથી અતીન્દ્રિય પદાર્થો (પૂર્ણપણે) જાણી શકાતા હોત, તો પંડિતોએ આટલા કાળમાં ક્યારનોય તેમના વિષયમાં બધો જ નિર્ણય કરી નાંખ્યો હોત.

~~ યોગ ~~

२७/१ मोक्षेण योजनाद् योगः, सर्वोऽप्याचार इष्यते ।
विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचरः ॥९१॥

બધો જ (ધર્મનો) આચાર, મોક્ષ સાથે જોડી આપનાર હોવાથી યોગ છે. વિશેષ રૂપે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબનધ્યાન એમ પાંચ પ્રકારે છે.

२७/३ कृपानिर्वेदसंवेग-प्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छा-प्रवृत्तिस्थिरसिद्धयः ॥९२॥

સ્થાનાદિ પ્રત્યેક યોગના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધ એમ ચાર ભેદ અનુક્રમે કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમને ઉત્પન્ન કરનારા છે.

२७/४ इच्छा तद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनं परम् ।
स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनम् ॥९३॥

યોગીની વાતો સાંભળવી ગમે તે ઇચ્છાયોગ. સંપૂર્ણ યોગપાલન તે પ્રવૃત્તિયોગ. વિઘ્નનો ભય પણ ન રહે તે સ્થિરતા-યોગ. બીજાઓને પણ યોગપ્રાપ્તિનું કારણ બને તે સિદ્ધિયોગ.

૨૭/૭ प्रीतिभक्तिवचोऽसङ्गैः, स्थानाद्यपि चतुर्विधम् ।
तस्मादयोगयोगाप्तेः, मोक्षयोगः क्रमाद् भवेत् ॥९४॥

સ્થાનાદિ યોગો પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર પ્રકારે છે. તે બધાથી અયોગયોગ(ચૌદમા ગુણસ્થાનક)ની પ્રાપ્તિ થઈને અનુક્રમે મોક્ષ થાય છે.

૨૭/૮ स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि ।
सूत्रदाने महादोष, इत्याचार्याः प्रचक्षते ॥९५॥

સ્થાનાદિનું પાલન ન કરનારને, તીર્થનો ઉચ્છેદ ન થાય તેવા આશયથી પણ સૂત્ર ભણાવવામાં મહાદોષ છે, એવું પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા. (યોગવિંશિકામાં) કહે છે.

~~ પૂજા ~~

૨૯/૮ द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।
भावपूजा तु साधूनां, अभेदोपासनात्मिका ॥९६॥

ગૃહસ્થોને ભેદોપાસના રૂપ દ્રવ્યપૂજા ઉચિત છે, સાધુને તો (હું જ પરમાત્મા છું એવા ધ્યાનરૂપ) અભેદોપાસના રૂપ ભાવપૂજા જ ઉચિત છે.

~~ ધ્યાન ~~

३०/१ ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम् ।
मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥९७॥

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણે જેના એકરૂપ થઈ ગયા છે, તેવા (આત્મસ્વરૂપમાં) એકતાન બનેલા મુનિને કોઈ દુઃખ રહેતું નથી.

३०/२ ध्याताऽन्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः, समापत्तिस्तदेकता ॥९८॥

અંતરાત્મા ધ્યાતા છે, પરમાત્મા ધ્યેય છે. બંનેની એકતાનું ચિંતન તે ધ્યાન છે. તે ત્રણે એક થવા તે સમાપત્તિ છે.

~~ તપ ~~

३१/१ ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात् तपः ।
तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥९९॥

કર્મને બાળનાર હોવાથી જ્ઞાનને જ પંડિતો તપ કહે છે. તે તપ આભ્યંતર જ ઈચ્છનીય છે. અને આભ્યંતર તપને વધારનાર એવો બાહ્યતપ પણ માન્ય છે.

३१/२ आनुश्रोतसिकी वृत्तिः, बालानां सुखशीलता ।
प्रातिश्रोतसिकी वृत्तिः, ज्ञानिनां परमं तपः ॥१००॥

બધા કરતા હોય તે(અનુકૂળ) કરવાની વૃત્તિરૂપ સુખશીલતા અજ્ઞાનીઓને હોય છે. સામા પ્રવાહે તરવાની (પ્રતિકૂળતા વેઠવાની) વૃત્તિરૂપ શ્રેષ્ઠ તપ જ્ઞાનીઓને હોય છે.

३१/३ धनार्थिनां यथा नास्ति, शीततापादि दुःसहम् ।
तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥१०१॥

જેમ ધનના ઈચ્છુકોને (ધન મેળવવામાં) ઠંડી-ગરમી વગેરે અસહ્ય નથી લાગતા; તેમ સંસારથી વિરક્ત બનેલા તત્ત્વજ્ઞાનના ઈચ્છુકોને પણ (તપ વગેરે) કષ્ટો દુઃસહ્ય નથી લાગતા.

३१/४ सदुपायप्रवृत्तानां, उपेयमधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्द-वृद्धिरेव तपस्विनाम् ॥१०२॥

શુભ ઉપાયોમાં પ્રવૃત્ત થયેલ જ્ઞાની તપસ્વીઓને (તપથી) પ્રાપ્ત થતું આત્મહિત ગમતું હોવાથી (તપના કષ્ટોથી પણ) આનંદની વૃદ્ધિ જ થાય છે.

३१/६ यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ।
सानुबन्धा जिनाज्ञा च, तत् तपः शुद्धमिष्यते ॥१०३॥

જેમાં બ્રહ્મચર્યનું પાલન, પરમાત્માની પૂજા-ભક્તિ, કષાયોનો સાનુબંધ (ક્ષણિક નહીં) હ્રાસ અને જિનાજ્ઞાનું અનુસરણ છે, તે જ શુદ્ધ તપ રૂપે માન્ય છે.

३१/७ तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥१०४॥

જેમાં દુર્ધ્યાન ન થાય, જેનાથી (સ્વાધ્યાયાદિ) યોગો સીદાય નહીં અને ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ ન થાય, તેવો તપ કરવો.

~~ ઉપસંહાર ~~

उप./६ निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषाम् ।
विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ॥१०५॥

વિકૃતિ અને વિઘ્ન વિનાના જ્ઞાનસારને પામેલા અને પર-પદાર્થની સ્પૃહાથી મુક્ત થયેલ મહાત્માઓને તો અહીં જ મોક્ષ છે.

उप./९ क्लेशक्षयो हि मण्डुक-चूर्णतुल्यः क्रियाकृतः ।
दग्धतच्चूर्णसदृशो, ज्ञानसारकृतः पुनः ॥१०६॥

ક્રિયાથી થયેલ કર્મક્ષય દેડકાનાં ચૂર્ણ જેવો છે (ફરી ઉત્પન્ન થાય). જ્ઞાનથી થયેલ કર્મક્ષય દેડકાની ભસ્મ જેવો છે (ફરી ઉત્પન્ન ન થાય).

उप./१० ज्ञानपूतां परेऽप्याहुः,
क्रियां हेमघटोपमाम् ।
युक्तं तदपि तद्भावं,
न यद् भग्नाऽपि सोज्झति ॥१०७॥

અન્ય ધર્મના વિદ્વાનો પણ જ્ઞાનયુક્ત ક્રિયાને સુવર્ણઘટ જેવી કહે છે, તે યોગ્ય જ છે. કારણ કે તે તૂટી જાય તો પણ તે ભાવને (સુવર્ણપણાં જેવા જ્ઞાનને) છોડતી નથી.

उप./११ क्रियाशून्यं च यद् ज्ञानं, ज्ञानशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥१०८॥

ક્રિયારહિત જ્ઞાન અને જ્ઞાનરહિત ક્રિયા એ બે વચ્ચે સૂર્ય અને આગિયા જેવું અંતર છે.

जैं ज्ञी

# અધ્યાત્મસાર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પ. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

**ગ્રંથ** : અધ્યાત્મસાર સૂક્ત- રત્ન - મંજૂષા
(સાર્થ)

**આધારગ્રંથ** : અધ્યાત્મસાર પ્રકરણ

**આધારગ્રંથકર્તા** : મહો. શ્રી યશોવિજયજી મહારાજા

**અર્થસંકલન** : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા.

**અર્થસંશોધન** : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય
ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય...
પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા.

**ભાષા** : સંસ્કૃત, ગુજરાતી

**વિષય** : અનેક

१/१ ऐन्द्रश्रेणिनतः श्रीमान्, नन्दतान्नाभिनन्दनः ।
उद्दधार युगादौ यो, जगदज्ञानपङ्कतः ॥१॥

આ યુગ(અવસર્પિણી)ની શરૂઆતમાં જેમણે જગતને અજ્ઞાનરૂપી કાદવમાંથી ઉગાર્યું તેવા, ઈન્દ્રોની શ્રેણિ વડે નમસ્કાર કરાયેલા નાભિનંદન શ્રી આદીશ્વર પ્રભુ આનંદ પામો.

१/७ शास्त्रात् परिचितां सम्यक्, सम्प्रदायाच्च धीमताम् ।
इहानुभवयोगाच्च, प्रक्रियां कामपि ब्रुवे ॥२॥

શાસ્ત્ર, બુદ્ધિમાન પૂર્વપુરુષોની પરંપરા અને અનુભવથી જાણેલી કાંઈક પ્રક્રિયાને હું કહીશ.

~~ અધ્યાત્મ - માહાત્મ્ય ~~

१/१० अध्यात्मशास्त्रसम्भूत-सन्तोषसुखशालिनः ।
गणयन्ति न राजानं, न श्रीदं नापि वासवम् ॥३॥

અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન થયેલ સંતોષસુખના સ્વામીઓ રાજા, કુબેર કે ઈન્દ્રને પણ ગણકારતા નથી.

१/१२ दम्भपर्वतदम्भोलिः, सौहार्दाम्बुधिचन्द्रमाः ।
अध्यात्मशास्त्रमुत्ताल-मोहजालवनानलः ॥४॥

અધ્યાત્મશાસ્ત્ર એ દંભરૂપી પર્વતને તોડનાર વજ્ર, શુભ પરિણામરૂપ સમુદ્રમાં ભરતી લાવનાર ચંદ્રમા અને ઘનઘોર મોહજાળરૂપ વનને બાળનાર અગ્નિ છે.

१/१४ येषामध्यात्मशास्त्रार्थ-तत्त्वं परिणतं हृदि ।
कषायविषयावेश-क्लेशस्तेषां न कर्हिचित् ॥५॥

જેમના હૃદયમાં અધ્યાત્મશાસ્ત્ર પરિણત થયું છે, તેમને વિષય-કષાયના આવેશ અને ક્લેશ ક્યારેય થતા નથી.

१/१५ निर्दयः कामचण्डालः, पण्डितानपि पीडयेत् ।
यदि नाध्यात्मशास्त्रार्थ-बोधयोधकृपा भवेत् ॥६॥

અધ્યાત્મશાસ્ત્રના અર્થના બોધરૂપ યોદ્ધાની કૃપા ન હોય તો નિર્દય એવો કામરૂપી ચંડાલ પંડિતોને પણ હેરાન કરે.

८/१६ विषवल्लिसमां तृष्णां, वर्धमानां मनोवने ।
अध्यात्मशास्त्रदात्रेण, छिन्दन्ति परमर्षयः ॥७॥

મનરૂપી જંગલમાં વધી રહેલી ઝેરી વેલડી જેવી તૃષ્ણાને મહર્ષિઓ અધ્યાત્મશાસ્ત્રરૂપી દાતરડાથી કાપી નાખે છે.

१/१७ वने वेश्म, धनं दौःस्थ्ये, तेजो ध्वान्ते, जलं मरौ ।
दुरापमाप्यते धन्यैः, कलावध्यात्मवाङ्मयम् ॥८॥

જંગલમાં ઘર, મુશ્કેલીમાં ધન, અંધકારમાં પ્રકાશ અને રણમાં પાણીની જેમ કલિકાળમાં દુર્લભ એવી અધ્યાત્મની વાણી જેને મળે, તે ધન્ય છે.

१/१९ भुजाऽऽस्फालनहस्तास्य-विकाराभिनयाः परे ।
अध्यात्मशास्त्रविज्ञास्तु, वदन्त्यविकृतेक्षणाः ॥९॥

બીજા તો હાથ પછાડવા અને હાથ-મોંના વિકારોના અભિનય કરે છે, અધ્યાત્મશાસ્ત્રના જાણકારો તો આંખને પણ વિકૃત કર્યા વિના બોલે છે.

૧/૨૧ रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः ।
अध्यात्मशास्त्रसेवायां, रसो निरवधिः पुनः ॥१०॥

ઈન્દ્રિયના વિષયનો ભોગવટા સુધી જ અને સ્વાદિષ્ટ વસ્તુનો ભોજન સુધી જ રસ રહે. જ્યારે અધ્યાત્મશાસ્ત્રનો રસ તો નિઃસીમ છે.

૧/૨૨ धनिनां पुत्रदारादि, यथा संसारवृद्धये ।
तथा पाण्डित्यदृप्तानां, शास्त्रमध्यात्मवर्जितम् ॥११॥

ધનવાનને પત્ની-પુત્રાદિ સંસાર વધારે છે, તેમ પંડિતાઈના અભિમાન-વાળાને અધ્યાત્મ વિનાનું શાસ્ત્ર સંસારની વૃદ્ધિ માટે થાય છે.

~~ અધ્યાત્મ ~~

૨/૨ गतमोहाधिकाराणां, आत्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥१२॥

જેમના પરથી મોહનું આધિપત્ય ચાલ્યું ગયું છે, તેવાની આત્માને લક્ષ્યમાં રાખીને થતી શુદ્ધ ક્રિયાને જિનેશ્વરો અધ્યાત્મ કહે છે.

२/५ आहारोपधिपूजर्द्धि-गौरवप्रतिबन्धतः ।
भवाभिनन्दी यां कुर्यात्, क्रियां साऽध्यात्मवैरिणी ॥१३॥

આહાર-ઉપધિ-સત્કાર-ઋદ્ધિ-ગૌરવ વગેરેની ઈચ્છાથી ભવાભિનંદી જીવ જે ક્રિયા કરે તે અધ્યાત્મની શત્રુ છે.

२/६ क्षुद्रो लाभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यात्, निष्फलारम्भसङ्गतः ॥१४॥

ભવાભિનંદી જીવ ક્ષુદ્ર, લાભમાં આનંદવાળો, લાચાર, ઈર્ષ્યાળુ, ભયભીત, કપટી, મૂર્ખ અને નિષ્ફળ કાર્યના આરંભવાળો હોય.

२/१२ ज्ञानं शुद्धं क्रिया शुद्धेत्यंशौ द्वाविह सङ्गतौ ।
चक्रे महारथस्येव, पक्षाविव पतत्रिणः ॥१५॥

શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ રથના પૈડાં કે પક્ષીની પાંખની જેમ અધ્યાત્મના બે સમાન મહત્ત્વના અંશો છે.

~~ અભ્યાસદશામાં અશુદ્ધ ક્રિયા પણ ઉપાદેય ~~

२/१६ अशुद्धाऽपि हि शुद्धायाः, क्रिया हेतुः सदाशयात् ।
ताम्रं रसानुवेधेन, स्वर्णत्वमधिगच्छति ॥१६॥

અશુદ્ધ ક્રિયા પણ શુભ આશય હોય તો શુદ્ધ ક્રિયાનું કારણ બને. તાંબુ પણ રસના વેધથી સોનું બને છે.

२/१७ अतो मार्गप्रवेशाय, व्रतं मिथ्यादृशामपि ।
द्रव्यसम्यक्त्वमारोप्य, ददते धीरबुद्धयः ॥१७॥

એટલે જ ગંભીર બુદ્ધિમાન મહાપુરુષો માર્ગમાં પ્રવેશ કરાવવા માટે મિથ્યાત્વીઓને પણ દ્રવ્યસમ્યક્ત્વનું આરોપણ કરીને દીક્ષા આપે છે.

२/१८ यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद् व्रतपालने ।
स योग्यो भावभेदस्तु, दुर्लक्ष्यो नोपयुज्यते ॥१८॥

જે સંસારની નિર્ગુણતા જાણીને વ્રતપાલનમાં અવિચળ હોય તે (દીક્ષા માટે) યોગ્ય છે. બાકી અંતરના પરિણામ તો અગમ્ય હોવાથી (યોગ્યતાની પરીક્ષામાં) ઉપયોગી નથી.

२/१९ नो चेद् भावापरिज्ञानात्, सिद्ध्यसिद्धिपराहतेः ।
दीक्षाऽदानेन भव्यानां, मार्गोच्छेदः प्रसज्यते ॥१९॥

જો આમ ન માનો તો, ૧. ભાવ જાણી શકાતા ન હોવાથી અને ૨. ભાવ હોય તો દીક્ષાની જરૂર નથી અને ભાવ ન હોય તો દીક્ષાની યોગ્યતા નથી. આમ યોગ્યને પણ દીક્ષા નહીં આપવાથી માર્ગનો જ ઉચ્છેદ થશે.

२/२० अशुद्धानादरेऽभ्यासायोगान्नो दर्शनाद्यपि ।
सिद्ध्येन्निसर्गजं मुक्त्वा, तदप्याभ्यासिकं यतः ॥२०॥

જો અશુદ્ધ(ક્રિયા)ને નહીં સ્વીકારો તો અભ્યાસ જ શક્ય ન બનવાથી નૈસર્ગિક સિવાયનું સમ્યગ્દર્શન પણ સંભવિત નહીં બને, કારણકે તે અભ્યાસજન્ય છે.

२/२१ शुद्धमार्गानुरागेणाशठानां या तु शुद्धता ।
गुणवत्परतन्त्राणां, सा न क्वापि विहन्यते ॥२१॥

ગુણવાન્ ગુરુને પરતંત્ર અને કપટ વિનાના એવા જીવોને શુદ્ધમાર્ગના અનુરાગથી જે શુદ્ધિ છે, તે તો ક્યાંય (અશુદ્ધ ક્રિયાથી પણ) હણાતી નથી.

२/२७ गुर्वाज्ञापारतन्त्र्येण, द्रव्यदीक्षाग्रहादपि ।
वीर्योल्लासक्रमात् प्राप्ता, बहवः परमं पदम् ॥२२॥

દ્રવ્યદીક્ષા લેનારા પણ અનેક જીવો ગુર્વાજ્ઞા-પારતંત્ર્યથી વીર્યોલ્લાસ વધતાં મોક્ષને પામ્યા છે.

~~ દંભત્યાગ અધિકાર ~~

३/३ दम्भेन व्रतमास्थाय, यो वाञ्छति परं पदम् ।
लोहनावं समारुह्य, सोऽब्धेः पारं यियासति ॥२३॥

જે દંભથી વ્રત ગ્રહણ કરીને મોક્ષને ઇચ્છે છે, તે લોખંડની નાવમાં ચડીને સમુદ્રનો પાર પામવા ઇચ્છે છે.

३/४ किं व्रतेन तपोभिर्वा ?, दम्भश्चेन्न निराकृतः ।
किमादर्शेन किं दीपैः ?, यद्यान्ध्यं न दृशोर्गतम् ॥२४॥

જો દંભ ઊભો છે, તો વ્રત કે તપથી શું થશે ? જો આંખનો અંધાપો ઊભો હોય તો અરીસો કે દીપક શું કામના ?

३/६ सुत्यजं रसलाम्पट्यं, सुत्यजं देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्या, दुस्त्यजं दम्भसेवनम् ॥२५॥

રસનાની લંપટતા, શરીરની વિભૂષા અને કામભોગો છોડવા સહેલા છે, દંભ છોડવો જ અઘરો છે.

३/८ असतीनां यथा शीलं, अशीलस्यैव वृद्धये ।
दम्भेनाव्रतवृद्ध्यर्थं, व्रतं वेषभृतां तथा ॥२६॥

કુલટા સ્ત્રીનું (દિવસનું) શીલપાલન જેમ (રાત્રિના) કુશીલની વૃદ્ધિ માટે જ છે, તેમ વેષધારીઓનું દંભથી વ્રતનું પાલન પણ (ભવાંતરમાં) અવિરતિની વૃદ્ધિ માટે જ છે.

३/१२ अत एव न यो धर्तुं, मूलोत्तरगुणानलम् ।
युक्ता सुश्राद्धता तस्य, न तु दम्भेन जीवनम् ॥२७॥

એટલે જ જે મૂળ-ઉત્તરગુણો પાળી શકતો નથી, તેના માટે સુશ્રાવક બનવું સારું છે, દંભી સાધુ રહેવું નહીં.

३/१४ निर्दम्भस्यावसन्नस्याप्यस्य शुद्धार्थभाषिणः ।
निर्जरां यतना दत्ते, स्वल्पाऽपि गुणरागिणः ॥२८॥

શિથિલ આચારવાળો પણ જો નિર્દંભ હોય, શુદ્ધ પ્રરૂપક હોય, ગુણાનુરાગી હોય, તો તેની થોડી પણ (જિનાજ્ઞાપાલનની) યતના નિર્જરા કરાવે છે.

૩/૧૫ व्रतभारासहत्वं ये,
विदन्तोऽप्यात्मनः स्फुटम् ।
दम्भाद् यतित्वमाख्यान्ति,
तेषां नामापि पाप्मने ॥२९॥

વ્રતના પાલનની પોતાની અસમર્થતા સ્પષ્ટપણે જાણવા છતાં જે પોતાને 'સાધુ' કહે છે, તેમનું નામ લેવું પણ પાપ છે.

૩/૧૬ कुर्वते ये न यतनां, सम्यक् कालोचितामपि ।
तैरहो यतिनाम्नैव, दाम्भिकैर्वञ्च्यते जगत् ॥३०॥

જે કાળને ઉચિત એવો પ્રયત્ન પણ સમ્યક્ રીતે કરતાં નથી તે કપટીઓ સાધુના વેશમાં જગતને છેતરે છે.

૩/૧૯ आत्मार्थिना ततस्त्याज्यो, दम्भोऽनर्थनिबन्धनम् ।
शुद्धिः स्यादृजुभूतस्येत्यागमे प्रतिपादितम् ॥३१॥

એટલે આત્માર્થીએ અનર્થકર દંભ છોડી દેવો. 'સરળ માણસની જ શુદ્ધિ થાય છે', એમ આગમમાં કહ્યું છે.

૩/૨૦ जिनैर्नानुमतं किञ्चिद्, निषिद्धं वा न सर्वथा ।
कार्ये भाव्यमदम्भेनेत्येषाऽऽज्ञा पारमेश्वरी ॥३२॥

જિનેશ્વરોએ કશાનું સર્વથા વિધાન નથી કર્યું કે સર્વથા નિષેધ નથી કર્યો. દંભ વિના કાર્ય કરવું એ જ પરમેશ્વરની આજ્ઞા છે.

~~ વૈરાગ્ય અધિકાર ~~

૫/૪ विषयैः क्षीयते कामो, नेन्धनैरिव पावकः ।
प्रत्युत प्रोल्लसच्छक्तिः, भूय एवोपवर्द्धते ॥३३॥

ઈંધણથી અગ્નિની જેમ, વિષયોથી ઈચ્છા કદી શાંત થતી નથી, ઊલટી વધુ શક્તિશાળી થઈને વધે છે.

૫/૫ सौम्यत्वमिव सिंहानां, पन्नगानामिव क्षमा ।
विषयेषु प्रवृत्तानां, वैराग्यं खलु दुर्लभम् ॥३४॥

સિંહોમાં સૌમ્યતા કે સર્પમાં ક્ષમાની જેમ વિષયોમાં પ્રવૃત્ત થયેલામાં વૈરાગ્ય દુર્લભ છે.

૫/૬ अकृत्वा विषयत्यागं, यो वैराग्यं दिधीर्षति ।
अपथ्यमपरित्यज्य, स रोगोच्छेदमिच्छति ॥३५॥

વિષયોનો ત્યાગ કર્યા વગર જે વૈરાગ્ય ધારણ કરવા ઈચ્છે છે, તે અપથ્ય છોડ્યા વગર રોગનો નાશ ઈચ્છે છે.

૫/૨૧ बध्यते बाढमासक्तो, यथा श्लेष्मणि मक्षिका ।
शुष्कगोलवदश्लिष्टो, विषयेभ्यो न बध्यते ॥३६॥

કફમાં માખીની જેમ આસક્ત જીવ કર્મથી ગાઢ રીતે બંધાય છે. પણ અનાસક્ત જીવ સૂકા ગોળાની જેમ વિષયો ભોગવવા છતાં પણ કર્મથી બંધાતો નથી.

૫/૨૪ विषयाणां ततो बन्ध-जनने नियमोऽस्ति न ।
अज्ञानिनां ततो बन्धो, ज्ञानिनां तु न कर्हिचित् ॥३७॥

એટલે વિષયો કર્મ બંધાવે જ, એવો નિયમ નથી. અજ્ઞાનીને તેનાથી બંધ થાય, જ્ઞાનીને જરાપણ બંધ ન થાય.

૫/૨૯ बलेन प्रेर्यमाणानि, करणानि वनेभवत् ।
न जातु वशतां यान्ति, प्रत्युतानर्थवृद्धये ॥३८॥

પરાણે દબાવાતી ઇન્દ્રિયો વશ થતી નથી, પણ જંગલી હાથીની જેમ વિફરીને નુકસાન કરનારી બને છે.

~~ દુઃખગર્ભિત વગેરે વૈરાગ્ય ~~

૬/૭ गृहेऽन्नमात्रदौर्लभ्यं, लभ्यन्ते मोदका व्रते ।
वैराग्यस्यायमर्थो हि, दुःखगर्भस्य लक्षणम् ॥३९॥

'ઘરમાં અન્ન પણ દુર્લભ છે, સાધુપણામાં તો લાડવા મળે છે' - વૈરાગ્યનો આવો અર્થ, દુઃખગર્ભિત વૈરાગ્યનું લક્ષણ છે.

૬/૮ कुशास्त्राभ्याससम्भूत-भवनैर्गुण्यदर्शनात् ।
मोहगर्भं तु वैराग्यं, मतं बालतपस्विनाम् ॥४०॥

મિથ્યાત્વીઓના શાસ્ત્રના અભ્યાસથી જણાયેલ સંસારની નિર્ગુણતા જોઈને થયેલ વૈરાગ્ય મોહગર્ભિત છે, તે બાળતપસ્વીઓને મનાયેલ છે.

६/११ अमीषां प्रशमोऽप्युच्चैः, दोषपोषाय केवलम् ।
अन्तर्निलीनविषम-ज्वरानुद्भवसन्निभः ॥४१॥

અંદર રહેલા કષાયરૂપી વિષમજ્વર(તાવ)ના બહાર ન આવવા જેવો એમનો (મોહગર્ભિત વૈરાગ્યવાળાનો) અત્યંત પ્રશમભાવ પણ દોષને વધારનાર જ થાય છે.

६/१२ कुशास्त्रार्थेषु दक्षत्वं, शास्त्रार्थेषु विपर्ययः ।
स्वच्छन्दता कुतर्कश्च, गुणवत्संस्तवोज्झनम् ॥४२॥

મિથ્યાશાસ્ત્રોમાં કુશળતા, સત્ શાસ્ત્રમાં અકુશળતા, સ્વચ્છંદતા, કુતર્ક, ગુણવાનના સહવાસનો ત્યાગ...

६/१३ आत्मोत्कर्षः परद्रोहः, कलहो दम्भजीवनम् ।
आस्रवाच्छादनं शक्त्युल्लङ्घनेन क्रियाऽऽदरः ॥४३॥

આપવડાઈ, બીજાનો દ્રોહ, કલહ, દંભી જીવન, પાપોને છુપાવવા, શક્તિ ઉપરાંત કરવું...

६/१४ गुणानुरागवैधुर्यं, उपकारस्य विस्मृतिः ।
अनुबन्धाद्यचिन्ता च, प्रणिधानस्य विच्युतिः ॥४४॥

ગુણાનુરાગનો અભાવ, ઉપકારને ભૂલી જવા, અનુબંધ (પરિણામ)નો વિચાર નહીં, પ્રતિજ્ઞાનો ભંગ...

६/१५ श्रद्धामृदुत्वमौद्धत्यं, अधैर्यमविवेकिता ।
वैराग्यस्य द्वितीयस्य, स्मृतेयं लक्षणावली ॥४५॥

શ્રદ્ધાની ઢીલાશ, ઉદ્ધતાઈ, અધીરાઈ, અવિવેક.. આ બધા મોહગર્ભિત વૈરાગ્યના લક્ષણો છે.

६/१६ ज्ञानगर्भं तु वैराग्यं, सम्यक् तत्त्वपरिच्छिदः ।
स्याद्वादिनः शिवोपाय-स्पर्शिनस्तत्त्वदर्शिनः ॥४६॥

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સમ્યક્ તત્ત્વના જાણનાર, સ્યાદ્વાદી, મોક્ષના ઉપાયને સ્પર્શનારા, તત્ત્વને જોનારાને હોય છે.

६/३४ तदेकान्तेन यः कश्चिद्, विरक्तस्यापि कुग्रहः ।
शास्त्रार्थबाधनात् सोऽयं, जैनाभासस्य पापकृत् ॥४७॥

એટલે આભાસિક જૈન એવા વૈરાગીને પણ જે કોઈ એકાંત કુગ્રહ છે, તે શાસ્ત્રબાધિત હોવાથી પાપ બંધાવનાર છે.

६/३५ उत्सर्गे वाऽपवादे वा, व्यवहारेऽथ निश्चये ।
ज्ञाने कर्म्मणि वाऽयं चेद्, न तदा ज्ञानगर्भता ॥४८॥

ઉત્સર્ગ કે અપવાદ, નિશ્ચય કે વ્યવહાર, જ્ઞાન કે ક્રિયા; ક્યાંય પણ એકાંતનો આગ્રહ હોય, તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી.

६/३६ स्वागमेऽन्यागमार्थानां, शतस्येव परार्ध्यके ।
नावतारबुधत्वं चेद्, न तदा ज्ञानगर्भता ॥४९॥

જેમ પરાર્ધ્ય(અનંત)માં સો આવી જાય, તેમ 'જિનાગમમાં સર્વ આગમો સમાઈ જાય છે' તેવું જ્ઞાન ન હોય તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી.

૬/૩૮ आज्ञयाऽऽगमिकार्थानां, यौक्तिकानां च युक्तितः ।
न स्थाने योजकत्वं चेद्, न तदा ज्ञानगर्भता ॥५०॥

આગમિક અર્થોનું આગમથી અને તાર્કિક અર્થોનું તર્કથી યોગ્ય સ્થાને નિરૂપણ ન કરે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી.

૬/૩૯ गीतार्थस्यैव वैराग्यं, ज्ञानगर्भं ततः स्थितम् ।
उपचारादगीतस्याप्यभीष्टं तस्य निश्रया ॥५१॥

આમ, નક્કી થયું કે ગીતાર્થનો જ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત છે. ઉપચારથી તેની નિશ્રા(પરતંત્રતા)ના કારણે અગીતાર્થનો પણ મનાયો છે.

૬/૪૦ सूक्ष्मेक्षिका च माध्यस्थ्यं, सर्वत्र हितचिन्तनम् ।
क्रियायामादरो भूयान्, धर्मे लोकस्य योजनम् ॥५२॥

સૂક્ષ્મબુદ્ધિથી વિચારણા, માધ્યસ્થ્ય, સર્વત્ર હિતની ચિંતા, ક્રિયામાં અત્યંત આદર, લોકોને ધર્મમાં જોડવા...

૬/૪૧ चेष्टा परस्य वृत्तान्ते, मूकान्धबधिरोपमा ।
उत्साहः स्वगुणाभ्यासे, दुःस्थस्येव धनार्जने ॥५३॥

બીજાના વર્તન પ્રત્યે મૂંગા-બહેરા-આંધળા જેવું વર્તન, દરિદ્રના ધન કમાવા જેવો પોતાના ગુણ કેળવવામાં ઉત્સાહ...

૬/૪૨ मदनोन्मादवमनं, मदसम्मर्दमर्दनम् ।
असूयातन्तुविच्छेदः, समताऽमृतमज्जनम् ॥५४॥

મદન(કામ)ના ઉન્માદનો ત્યાગ, અભિમાનનો નાશ, ઈર્ષ્યાનો નાશ, સમતારૂપી અમૃતમાં મગ્નતા...

६/४३ स्वभावान्नैव चलनं, चिदानन्दमयात् सदा ।
वैराग्यस्य तृतीयस्य, स्मृतेयं लक्षणावली ॥५५॥

જ્ઞાન-આનંદરૂપ સ્વભાવથી અવિચલિતતા... આ બધાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યના લક્ષણો મનાયા છે.

~~ મમતાત્યાગ અધિકાર ~~

८/२ विषयैः किं परित्यक्तैः ?, जागर्ति ममता यदि ।
त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः ॥५६॥

જો મમતા ઊભી છે, તો વિષયોના ત્યાગથી શું ? કાંચળીના ત્યાગથી સાપ કંઈ બિનઝેરી નથી થતો.

८/१० स्वयं येषां च पोषाय, खिद्यते ममतावशः ।
इहामुत्र च ते न स्युः, त्राणाय शरणाय वा ॥५७॥

મમતાને વશ થઈને જે(પરિવાર)ના પોષણ માટે કષ્ટ ઊઠાવે છે, તેઓ આભવ કે પરભવમાં રક્ષણ કરવાના નથી કે શરણ આપવાના નથી.

८/११ ममत्वेन बहून् लोकान्, पुष्णात्येकोऽर्जितैर्धनैः ।
सोढा नरकदुःखानां, तीव्राणामेक एव तु ॥५८॥

મમત્વના કારણે એકલો માણસ પોતે કમાયેલા ધન વડે અનેકને પાળે-પોષે છે, પણ નરકના તીવ્ર દુઃખોને તો એકલો જ સહન કરશે.

૮/૧૫ मनस्यन्यद्वचस्यन्यत्, क्रियायामन्यदेव च ।
यस्यास्तामपि लोलाक्षीं, साध्वीं वेत्ति ममत्ववान् ॥५९॥

જેના મનમાં જુદું, વચનમાં જુદું, જે કરે કાંઈક જુદું... તેવી સ્ત્રીને પણ મમત્વવાળો સારી માને છે !

૮/૩ कष्टेन हि गुणग्रामं, प्रगुणीकुरुते मुनिः ।
ममताराक्षसी सर्वं, भक्षयत्येकहेलया ॥६०॥

સાધુ ઘણાં કષ્ટ વેઠીને ગુણો આત્મસાત્ કરે છે, તેને મમતારૂપી રાક્ષસી એક સાથે જ ખાઈ જાય છે.

૮/૨૬ धृतो योगो न ममता, हता न समताऽऽदृता ।
न च जिज्ञासितं तत्त्वं, गतं जन्म निरर्थकम् ॥६१॥

યોગો આચર્યા પણ જો મમતાને હણી નહીં, સમતા પામ્યા નહીં, તત્ત્વની જિજ્ઞાસા ન કરી, તો જન્મ નિષ્ફળ ગયો.

~~ સમતા અધિકાર ~~

૯/૧૩ दूरे स्वर्गसुखं मुक्ति-पदवी सा दवीयसी ।
मनःसंनिहितं दृष्टं, स्पष्टं तु समतासुखम् ॥६२॥

સ્વર્ગનું સુખ દૂર છે, મોક્ષ તો અત્યંત દૂર છે. સમતાનું સુખ તો સ્પષ્ટપણે મનમાં જ દેખાય છે.

९/१९ क्षणं चेतः समाकृष्य, समता यदि सेव्यते ।
स्यात् तदा सुखमन्यस्य, यद् वक्तुं नैव पार्यते ॥६३॥

એક ક્ષણ પણ જો ચિત્તને નિયંત્રિત કરીને સમતાનું સેવન કરાય, તો જે સુખનો અનુભવ થાય, તે બીજાને કહી પણ શકાતું નથી.

९/२६ सन्त्यज्य समतामेकां, स्याद् यत् कष्टमनुष्ठितम् ।
तदीप्सितकरं नैव, बीजमुप्तमिवोषरे ॥६४॥

સમતાને છોડીને જે કંઈ કષ્ટ ભોગવાય, તે ઉષરભૂમિમાં વાવેલા બીજની જેમ ઈચ્છિત ફળને આપનાર થતું નથી.

९/२२ प्रचितान्यपि कर्म्माणि, जन्मनां कोटिकोटिभिः ।
तमांसीव प्रभा भानोः, क्षिणोति समता क्षणात् ॥६५॥

સૂર્યની પ્રભા જેમ અંધકારને ક્ષણમાં હણે, તેમ સમતા કરોડો જન્મોમાં ભેગા કરેલા કર્મોને ક્ષણમાં જ હણે છે.

~~ અનુષ્ઠાન ~~

१०/३ आहारोपधिपूजर्द्धि-प्रभृत्याशंसया कृतम् ।
शीघ्रं सच्चित्तहन्तृत्वाद्, विषानुष्ठानमुच्यते ॥६६॥

આહાર-ઉપધિ-સત્કાર-ઋદ્ધિ વગેરેની ઈચ્છાથી કરેલ અનુષ્ઠાન, તરત જ સચ્ચિત્તનું નાશક હોવાથી 'વિષ' કહેવાય છે.

१०/५ दिव्यभोगाभिलाषेण कालान्तरपरिक्षयात् ।
स्वादृष्टफलसम्पूर्त्तेः, गरानुष्ठानमुच्यते ॥६७॥

દેવતાઈ ભોગની ઈચ્છાથી કરાયેલ અનુષ્ઠાન પોતાનાથી બંધાયેલ પુણ્યનું ફળ આપ્યા પછી કાળાંતરે સચ્ચિત્તનું નાશક હોવાથી 'ગર' કહેવાય છે.

१०/८ प्रणिधानाद्यभावेन, कर्मानध्यवसायिनः ।
संमूर्च्छिमप्रवृत्त्याभं, अननुष्ठानमुच्यते ॥६८॥

અધ્યવસાય વિનાનાનું સંમૂર્ચ્છિમ જીવની પ્રવૃત્તિ જેવું કાર્ય, પ્રણિધાન વગેરેના અભાવના કારણે 'અનનુષ્ઠાન' કહેવાય છે.

१०/११ शुद्धस्यन्वेषणे तीर्थोच्छेदः स्यादिति वादिनाम् ।
लोकाचारादरश्रद्धा, लोकसंज्ञेति गीयते ॥६९॥

'શુદ્ધ ક્રિયા જ ગોતવા રહીશું તો તીર્થનો ઉચ્છેદ થશે' એમ કહેનારના, લોકો કરતા હોય તેવા (અશુદ્ધ) અનુષ્ઠાન પરના આદર અને શ્રદ્ધા એ લોકસંજ્ઞા છે.

१०/१२ शिक्षितादिपदोपेतम्, अप्यावश्यकमुच्यते ।
द्रव्यतो भावनिर्मुक्तम्, अशुद्धस्य तु का कथा ? ॥७०॥

શિક્ષિત વગેરે ગુણોથી યુક્ત પણ ભાવરહિત એવી ક્રિયા જો દ્રવ્યાવશ્યક જ કહેવાતી હોય, તો અશુદ્ધ ક્રિયાનું તો શું કહેવું ?

१०/१३ तीर्थोच्छेदभिया हन्ताविशुद्धस्यैव चादरे ।
सूत्रक्रियाविलोपः स्याद्, गतानुगतिकत्वतः ॥७१॥

તીર્થોચ્છેદના ડરથી અશુદ્ધને જ સ્વીકારી લેવાથી તો ગતાનુગતિકતાના કારણે સૂત્ર અને ક્રિયાનો લોપ જ થઈ જશે.

१०/१४ धर्मोद्यतेन कर्तव्यं, कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात् कदाचन ॥७२॥

ધર્મમાં ઉદ્યત થયેલાએ જો ઘણાંએ કર્યું તે જ કરવાનું હોય તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ ક્યારેય ત્યાજ્ય નહીં બને. (કારણકે મિથ્યાદૃષ્ટિ ઘણાં છે.)

१०/१६ अकामनिर्जराङ्गत्वं, कायक्लेशादिहोदितम् ।
सकामनिर्जरा तु स्यात्, सोपयोगप्रवृत्तितः ॥७३॥

અહીં (અનનુષ્ઠાનમાં) કાયક્લેશ હોવાથી અકામનિર્જરાની કારણતા કહી છે. સકામનિર્જરા તો ઉપયોગપૂર્વકની પ્રવૃત્તિથી જ થાય.

१०/१७ सदनुष्ठानरागेण, तद्धेतुर्मार्गगामिनाम् ।
एतच्च चरमावर्ते-ऽनाभोगादेर्विना भवेत् ॥७४॥

માર્ગગામી જીવોને સદનુષ્ઠાનના રાગથી 'તદ્‌હેતુ' અનુષ્ઠાન હોય છે. એ ચરમાવર્તમાં અનાભોગ વગેરે ન હોય તો થાય.

१०/२५ सहजो भावधर्मो हि, शुद्धश्चन्दनगन्धवत् ।
एतद्गर्भमनुष्ठानं, अमृतं सम्प्रचक्षते ॥७५॥

શુદ્ધ ભાવધર્મ તો ચંદનગંધવત્ સહજ છે. તેનાથી યુક્ત અનુષ્ઠાન 'અમૃત' કહેવાય છે.

१०/२६ जैनीमाज्ञां पुरस्कृत्य, प्रवृत्तं चित्तशुद्धितः ।
संवेगगर्भमत्यन्तं, अमृतं तद्विदो विदुः ॥७६॥

જિનેશ્વરની આજ્ઞાને અનુસરીને, ચિત્તની શુદ્ધિ પૂર્વક થતાં, અત્યંત સંવેગથી યુક્ત અનુષ્ઠાનને જ્ઞાનીઓ 'અમૃત' કહે છે.

१०/२७ शास्त्रार्थालोचनं सम्यक्, प्रणिधानं च कर्म्मणि ।
कालाद्यङ्गाविपर्यासो-ऽमृतानुष्ठानलक्षणम् ॥७७॥

સારી રીતે શાસ્ત્રાર્થની વિચારણા, કાર્યમાં એકાગ્રતા, કાળ વગેરે વિધિનું પાલન - આ બધાં અમૃતાનુષ્ઠાનના લક્ષણો છે.

१०/२९ आदरः करणे प्रीतिः, अविघ्नः सम्पदागमः ।
जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥७८॥

આદર, કરવામાં પ્રીતિ, વિઘ્નનો અભાવ, સંપત્તિઓની પ્રાપ્તિ, જિજ્ઞાસા, જ્ઞાનીની સેવા.. આ સદનુષ્ઠાનના લક્ષણો છે.

१०/३१ इच्छा तद्वत्कथा प्रीतिः, युक्ताऽविपरिणामिनी ।
प्रवृत्तिः पालनं सम्यक्, सर्वत्रोपशमान्वितम् ॥७९॥

અનુષ્ઠાનકર્તાની કથામાં યોગ્ય અને નાશ ન પામનારી પ્રીતિ એ 'ઈચ્છા' યોગ છે. સર્વત્ર ઉપશમયુક્ત સમ્યક્ પાલન એ 'પ્રવૃત્તિ' યોગ છે.

१०/३२ सत्क्षयोपशमोत्कर्षाद्, अतिचारादिचिन्तया ।
रहितं तु स्थिरं सिद्धिः, परेषामर्थसाधकम् ॥८०॥

સાનુબંધ ક્ષયોપશમના પ્રકર્ષના કારણે અતિચાર વગેરેની ચિંતાથી રહિત હોય તે 'સ્થિર' યોગ છે. 'સિદ્ધિ' યોગ બીજાને પણ યોગ સિદ્ધ કરાવનાર છે.

१०/३४ अनुकम्पा च निर्वेदः, संवेगः प्रशमस्तथा ।
एतेषामनुभावाः स्युः, इच्छादीनां यथाक्रमम् ॥८१॥

અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ અનુક્રમે ઈચ્છા વગેરેનાં ફળ છે.

~~ મનોનિગ્રહ ~~

११/१० अनिगृहीतमनाः कुविकल्पतो,
नरकमृच्छति तन्दुलमत्स्यवत् ।
इयमभक्षणजा तदजीर्णता-
ऽनुपनतार्थविकल्पकदर्थना ॥८२॥

મનનો નિગ્રહ નહીં કરનાર કુવિકલ્પોના કારણે તંદુલ-મત્સ્યની જેમ નરકમાં જાય છે. નહીં મળેલા પદાર્થોના વિચારોના કારણે થયેલ આ કદર્થના તો ખાધા વિના થયેલ અજીર્ણ જેવી છે.

૧૧/૧૫ प्रथमतो व्यवहारनयस्थितो-
ऽशुभविकल्पनिवृत्तिपरो भवेत् ।
शुभविकल्पमयव्रतसेवया,
हरति कण्टक एव हि कण्टकम् ॥८३॥

પહેલાં તો વ્યવહારનયમાં રહીને, શુભ વિકલ્પરૂપ વ્રતોના સેવનથી અશુભ વિકલ્પોનો નાશ કરવાનો પ્રયત્ન કરો. ખરેખર ! કાંટો જ કાંટાને કાઢે.

~~ અસદ્ગ્રહ ~~

૧૪/૮ व्रतानि चीर्णानि तपोऽपि तप्तं,
कृता प्रयत्नेन च पिण्डशुद्धिः ।
अभूत् फलं यत्तु न निह्नवानां,
असद्ग्रहस्यैव हि सोऽपराधः ॥८४॥

વ્રતોનું પાલન કર્યું, તપ પણ કર્યો, પ્રયત્નપૂર્વક શુદ્ધ આહારાદિ વાપર્યા, છતાં નિહ્નવોને કંઈ ફળ ન મળ્યું, તે અસદ્ગ્રહનો જ વાંક છે.

૧૪/૧૪ आमे घटे वारि धृतं यथा सद्,
विनाशयेत् स्वं च घटं च सद्यः ।
असद्ग्रहग्रस्तमतेस्तथैव,
श्रुतात् प्रदत्ताद् उभयोर्विनाशः ॥८५॥

કાચા ઘડામાં નાંખેલું પાણી, પોતાનો અને ઘટનો તરત જ નાશ કરે છે. તે જ રીતે અસદ્‌ગ્રહથી ગ્રસ્ત મતિવાળાને અપાયેલ શ્રુતથી (શ્રુત અને વ્યક્તિ) ઉભયનો નાશ થાય છે.

૧૪/૧૮ दम्भाय चातुर्यमघाय शास्त्रं,
प्रतारणाय प्रतिभापटुत्वम् ।
गर्वाय धीरत्वमहो ! गुणानां,
असद्ग्रहस्थे विपरीतसृष्टिः ॥८६॥

ચતુરાઈનો ઉપયોગ દંભ માટે કરે, શાસ્ત્રનો પાપ માટે, પ્રતિભાનો લોકોને છેતરવા માટે કરે. ધીરતા(નિશ્ચલતા)નું અભિમાન કરે. અહો ! અસદ્‌ગ્રહ હોય તો ગુણો પણ અવગુણ માટે થાય !

~~ યોગ ~~

૧૫/૧૧ देहनिर्वाहमात्रार्था, याऽपि भिक्षाऽटनादिका ।
क्रिया सा ज्ञानिनो-ऽसङ्गात् नैव ध्यानविघातिनी ॥८७॥

દેહના નિર્વાહ માટે જે ભિક્ષાટન વગેરે ક્રિયા કરાય તે જ્ઞાનીને અનાસક્તિના કારણે ધ્યાનમાં વિઘ્નરૂપ નથી.

૧૫/૧૮ श्रुत्वा पैशाचिकीं वार्तां, कुलवध्वाश्च रक्षणम् ।
नित्यं संयमयोगेषु, व्यापृतात्मा भवेद् यतिः ॥८८॥

પિશાચની વાર્તા અને કુલવધૂના રક્ષણની વાત સાંભળીને સાધુ સંયમના યોગોમાં નિરંતર પ્રવૃત્ત રહે.

१५/२४ ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता ।
गुणप्रधानभावेन, दशाभेदः किलैनयोः ॥८९॥

સર્વથા ક્રિયારહિત હોય તે જ્ઞાનયોગ નથી. સર્વથા જ્ઞાનરહિત હોય તે ક્રિયાયોગ નથી. ગૌણ-પ્રધાનભાવથી તેમનો ભેદ હોય છે. (જ્ઞાનયોગમાં જ્ઞાન પ્રધાન છે, ક્રિયા ગૌણ છે. ક્રિયાયોગમાં ક્રિયા પ્રધાન છે, જ્ઞાન ગૌણ છે. પણ બંને હોવા તો જોઈએ જ.)

१५/४६ अर्वाग्दशायां दोषाय, वैषम्ये साम्यदर्शनम् ।
निरपेक्षमुनीनां तु, रागद्वेषक्षयाय तत् ॥९०॥

જુદી જુદી વસ્તુમાં સમતાનું દર્શન શરૂઆતની કક્ષામાં દોષરૂપ છે, પણ નિરપેક્ષ યતિને તે રાગ-દ્વેષના નાશ માટે થાય છે.

~~ ધ્યાન - આર્તધ્યાન ~~

१६/४ शब्दादीनामनिष्टानां, वियोगासम्प्रयोगयोः ।
चिन्तनं वेदनायाश्च, व्याकुलत्वमुपेयुषः ॥९१॥

અનિષ્ટ શબ્દ વગેરે વિષયોના (મળેલાના) વિયોગ કે (નહીં મળેલાના) અસંયોગનું ચિંતન, વેદનાથી વ્યાકુળતા પામેલાનું ચિંતન...

१६/५ इष्टानां प्रणिधानं च, सम्प्रयोगावियोगयोः ।
निदानचिन्तनं पापं, आर्त्तमित्थं चतुर्विधम् ॥९२॥

ઈષ્ટ (શબ્દાદિ)ના (નહીં મળેલાના) સંયોગ કે (મળેલાના) અવિયોગનું પ્રણિધાન, નિયાણાનું ચિંતન એ ચાર પ્રકારનું આર્તધ્યાન પાપરૂપ છે.

१६/७ क्रन्दनं रुदनं प्रोच्चैः, शोचनं परिदेवनं ।
ताडनं लुञ्चनं चेति, लिङ्गान्यस्य विदुर्बुधाः ॥९३॥

આક્રંદ, જોરથી રડવું, શોક, પીડા, છાતી-માથું કૂટવા, વાળ ખેંચવા - આ બધાને પંડિતો આર્ત્તધ્યાનના લિંગ કહે છે.

१६/८ मोघं निन्दनं निजं कृत्यं, प्रशंसन् परसम्पदः ।
विस्मितः प्रार्थयन्नैताः, प्रसक्तश्चैतदर्जने ॥९४॥

પોતાના કાર્યની ફોગટ નિંદા કરતો, બીજાની સંપત્તિની પ્રશંસા કરતો, તેનાથી વિસ્મિત થઈને તેની માંગણી કરતો, તેને મેળવવામાં પ્રવૃત્ત થયેલો...

१६/९ प्रमत्तश्चेन्द्रियार्थेषु, गृद्धो धर्मपराङ्मुखः ।
जिनोक्तमपुरस्कुर्वन्, आर्त्तध्याने प्रवर्तते ॥९५॥

ઈન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષરૂપ પ્રમાદવાળો, તેમાં અત્યંત આસક્તિવાળો હોવાથી ધર્મથી વિમુખ, પ્રભુવચનને નહીં અનુસરતો.. આર્તધ્યાનમાં વર્તે છે.

~~ રૌદ્રધ્યાન ~~

१६/११ निर्दयं वधबन्धादि-चिन्तनं निबिडक्रुधा ।
पिशुनासभ्यमिथ्यावाक्-प्रणिधानं च मायया ॥९६॥

અત્યંત ગુસ્સાથી નિર્દયપણે મારવા-બાંધવાની વિચારણા, કપટથી ચાડી-અસભ્ય-જૂઠી વાણી બોલવાનો નિર્ણય...

१६/१२ चौर्य्यधीर्निरपेक्षस्य, तीव्रक्रोधाकुलस्य च ।
सर्वाभिशङ्काकलुषं, चित्तं च धनरक्षणे ॥९७॥

નિષ્ઠુરપણે અને તીવ્ર ગુસ્સા સાથે ચોરી કરવાની વિચારણા, સંપત્તિના રક્ષણની બધા પર શંકાથી કલુષિત એવી વિચારણા..

१६/१३ एतत् सदोषकरण-कारणानुमतिस्थिति ।
देशविरतिपर्यन्तं, रौद्रध्यानं चतुर्विधं ॥९८॥

આ બધું - દોષ સહિતના કરણ-કરાવણ-અનુમોદનમાં રહેલું ચાર પ્રકારનું રૌદ્રધ્યાન દેશવિરતિ ગુણસ્થાનક સુધી હોય છે.

~~ ધર્મધ્યાન ~~

१६/३५ आज्ञाऽपायविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।
धर्मध्यानोपयुक्तानां, ध्यातव्यं स्याच्चतुर्विधम् ॥९९॥

ભગવાનની આજ્ઞા, રાગ-દ્વેષાદિના અપાય, શુભાશુભ કર્મના વિપાક અને ચૌદ રાજલોકના સંસ્થાનની વિચારણાથી, ધર્મધ્યાનવાળાને ચાર પ્રકારના ધ્યાતવ્ય છે.

१६/६५ दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥१००॥

દુ:ખમાં અદીન મનવાળો, સુખની ઈચ્છા રહિત, રાગ-ભય-ક્રોધથી રહિત અને સ્થિતપ્રજ્ઞ હોય તે મુનિ કહેવાય છે.

~~ હિતશિક્ષા ~~

२०/३८ निन्द्यो न कोऽपि लोके,
पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।
पूज्या गुणगरिमाऽऽढ्या,
धार्यो रागो गुणलवेऽपि ॥१०१॥

૧. જગતમાં કોઈની નિંદા ન કરવી. ૨. પાપીઓ ઉપર પણ સંસારનો સ્વભાવ વિચારવો. ૩. ગુણભરપૂરની પૂજા કરવી. ૪. ગુણના અંશ પર પણ અનુરાગ રાખવો.

२०/३९ निश्चित्यागमतत्त्वं, तस्मादुत्सृज्य लोकसंज्ञां च ।
श्रद्धाविवेकसारं, यतितव्यं योगिना नित्यं ॥१०२॥

૫. આગમતત્ત્વનો નિશ્ચય કરીને, અને ૬. તેનાથી લોકસંજ્ઞા તજીને ૭. યોગીએ શ્રદ્ધા અને વિવેકને પ્રધાન રાખીને ઉદ્યમ કરવો.

२०/४० ग्राह्यं हितमपि बालाद्, आलापैर्न दुर्जनस्य द्वेष्यम् ।
त्यक्तव्या च पराशा, पाशा इव सङ्गमा ज्ञेया ॥१०३॥

૮. બાળક પાસેથી પણ હિતકર હોય તે ગ્રહણ કરવું. ૯. દુર્જનના પ્રલાપથી ગુસ્સો ન કરવો. ૧૦. પારકી આશા તજવી. ૧૧. સંયોગો બંધન જેવા જાણવા.

२०/४१ स्तुत्या स्मयो न कार्यः,
कोपोऽपि च निन्दया जनैः कृतया ।
सेव्या धर्माचार्याः,
तत्त्वं जिज्ञासनीयं च ॥१०३॥

૧૨. લોકો પ્રશંસા કરે તેનાથી ગર્વ ન કરવો. ૧૩. નિંદા કરે તો ગુસ્સો ન કરવો. ૧૪. ધર્માચાર્યની સેવા કરવી. ૧૫. તત્ત્વની જિજ્ઞાસા કરવી..

२०/४२ शौचं स्थैर्यमदम्भो, वैराग्यं चात्मनिग्रहः कार्यः ।
दृश्या भवगतदोषाः, चिन्त्यं देहादिवैरुप्यं ॥१०५॥

૧૬. પવિત્રતા, સ્થિરતા, નિર્દંભતા, વૈરાગ્ય અને આત્મસંયમ કરવા. ૧૭. સંસારના અવગુણ જોવા. ૧૮. શરીરાદિની વિરૂપતા વિચારવી.

२०/४३ भक्तिर्भागवती धार्या, सेव्यो देशः सदा विविक्तश्च ।
स्थातव्यं सम्यक्त्वे, विश्वस्यो न प्रमादरिपुः ॥१०६॥

૧૯. ભગવાનની ભક્તિ કરવી. ૨૦. સ્ત્રી વગેરેથી રહિત સ્થળે જ રહેવું. ૨૧. સમ્યક્ત્વમાં અડગ રહેવું. ૨૨. પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ ન કરવો.

२०/४४ ध्येयाऽऽत्मबोधनिष्ठा, सर्वत्रैवागमः पुरस्कार्यः ।
त्यक्तव्याः कुविकल्पाः, स्थेयं वृद्धानुवृत्त्या च ॥१०७॥

૨૩. આત્મજ્ઞાનમાં જ પૂર્ણતા વિચારવી. ૨૪. સર્વત્ર જિનાગમને અનુસરવું. ૨૫. કુવિકલ્પો તજવા. ૨૬. વડીલોને અનુસરીને રહેવું.

૨૦/૪૫ साक्षात्कार्यं तत्त्वं, चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।
हितकारी ज्ञानवतां, अनुभववेद्यः प्रकारोऽयम् ॥१०८॥

૨૭. તત્ત્વનો સાક્ષાત્કાર કરવો. ૨૮. જ્ઞાનરૂપ આનંદમાં મગ્ન રહેવું. આ બધો જ્ઞાનીઓનો અનુભવગમ્ય હિતકારી ઉપદેશ છે.

# અધ્યાત્મ ઉપનિષદાદિ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :
પ. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

| | |
|---|---|
| **ગ્રંથ** | : અધ્યાત્મ ઉપનિષદાદિ સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : અધ્યાત્મોપનિષદ્, વૈરાગ્યકલ્પલતા અને માર્ગપરિશુદ્ધિ |
| **ગ્રંથકર્તા** | : મહો. શ્રી યશોવિજયજી મહારાજા |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : સંસ્કૃત, ગુજરાતી |
| **વિષય** | : અનેક |

~~ अध्यात्मोपनिषद् ~~

१/१ ऐन्द्रवृन्दनतं नत्वा, वीतरागं स्वयम्भुवम् ।
अध्यात्मोपनिषन्नाम्ना, ग्रन्थोऽस्माभिर्विधीयते ॥१॥

ઈન્દ્રોના સમૂહ વડે નમસ્કાર કરાયેલ વીતરાગ પરમાત્માને નમસ્કાર કરીને અધ્યાત્મોપનિષદ્ નામનો ગ્રંથ હું બનાવું છું.

१/२ आत्मानमधिकृत्य स्याद्, यः पञ्चाचारचारिमा ।
शब्दयोगार्थनिपुणाः, तदध्यात्मं प्रचक्षते ॥२॥

આત્માને લક્ષમાં રાખીને જે પંચાચારનું સુંદર પાલન થાય, તેને શબ્દના વ્યુત્પત્તિ-અર્થના નિષ્ણાતો અધ્યાત્મ કહે છે.

१/३ रुढ्यर्थनिपुणास्त्वाहुः, चित्तं मैत्र्यादिवासितम् ।
अध्यात्मं निर्मलं बाह्य-व्यवहारोपबृंहितम् ॥३॥

રૂઢિ અર્થના નિષ્ણાતો બાહ્ય વ્યવહારથી યુક્ત, મૈત્ર્યાદિ ભાવનાથી વાસિત એવા નિર્મળ ચિત્તને અધ્યાત્મ કહે છે.

१/६ मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहः मनःकपिः ॥४॥

મધ્યસ્થના મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયને અનુસરે છે. કદાગ્રહીના મનરૂપી વાંદરો યુક્તિરૂપી ગાયને પૂંછડીથી પોતાના તરફ ખેંચે છે. (કુતર્કથી પોતાની વાત સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.)

૧/૭ अनर्थायैव नार्थाय, जातिप्रायाश्च युक्तयः ।
हस्ति हन्तीति वचने, प्राप्ताप्राप्तविकल्पवत् ॥५॥

જાતિ (કુતર્ક) રૂપી યુક્તિઓ નુકસાન માટે જ થાય છે, લાભ માટે નહીં. જેમ 'હાથી મારે છે (ભાગો)' એમ કહેવા પર 'કોને ? અડેલાને કે નહીં અડેલાને ?' (અડેલાને મારતો હોય તો મહાવતને જ મારે, ન અડેલાને પણ મારતો હોય તો ભાગવાથી શું થશે ?) એવો તર્ક કરીને નહીં ભાગનારને.

૧/૧૧ शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञा-निरपेक्षस्य नो हितम् ।
भौतहन्तुर्यथा तस्य, पदस्पर्शनिषेधनम् ॥६॥

જેમ ભૌત સંન્યાસીને મારનારનું તેના પગને નહીં અડવારૂપ આચરણ હિતકર નથી, તેમ શાસ્ત્રની આજ્ઞાને નહીં અનુસરનારને નિર્દોષ ગોચરી વગેરે પણ હિતકર થતું નથી.

૧/૭૨ पुत्रदारादि संसारो, धनिनां मूढचेतसाम् ।
पण्डितानां तु संसारः, शास्त्रमध्यात्मवर्जितम् ॥७॥

મોહગ્રસ્ત ચિત્તવાળા ધનવાનોને પત્ની-પુત્ર વગેરે રૂપ સંસાર હોય છે. પંડિતોને તો અધ્યાત્મ વિનાનું શાસ્ત્ર એ જ સંસાર છે.

૨/૬ आत्मज्ञाने मुनिर्मग्नः, सर्वं पुद्गलविभ्रमं ।
महेन्द्रजालवद् वेत्ति, नैव तत्रानुरज्यते ॥८॥

આત્મજ્ઞાનમાં મગ્ન મુનિ, પુદ્‌ગલની બધી રચનાને ઈન્દ્રજાળની જેમ જાણે છે, તેમાં રાગ કરતો નથી.

૨/૭ आस्वादिता सुमधुरा, येन ज्ञानरतिः सुधा ।
न लगत्येव तच्चेतो, विषयेषु विषेष्विव ॥९॥

જેણે જ્ઞાનમાં આનંદ રૂપ અમૃતનો સુમધુર આસ્વાદ લીધો છે, તેનું ચિત્ત ઝેર જેવા ઈન્દ્રિયના વિષયોમાં ચોંટતું નથી.

૨/૯ विषयान् साधकः पूर्वम्, अनिष्टत्वधिया त्यजेत् ।
न त्यजेन्न च गृह्णीयात्, सिद्धो विन्द्यात् स तत्त्वतः ॥१०॥

સાધક પહેલાં વિષયોને અનિષ્ટ માનીને ત્યાગ કરે. સિદ્ધ થયા પછી તેને તત્ત્વથી માત્ર જાણે (દ્રષ્ટાભાવથી જુએ). ગ્રહણ પણ ન કરે, ત્યાગે પણ નહીં.

૨/૧૨ सर्वं परवशं दुःखं, सर्वं आत्मवशं सुखं ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥११॥

પરાધીન બધું દુઃખરૂપ છે, સ્વાધીન બધું સુખરૂપ છે. સુખ અને દુઃખનું આ ટૂંકમાં લક્ષણ કહ્યું છે.

૨/૧૩ ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव पार्यते ।
नोपमेयं प्रियाश्लेषैः, नापि तच्चन्दनद्रवैः ॥१२॥

જ્ઞાનમાં મગ્નને જે આનંદ હોય છે, તે કહી શકાતો નથી. પ્રિયાના આલિંગન કે ચંદનના વિલેપન સાથે પણ તેને સરખાવી શકાતો નથી.

२/४९ आदौ शमदमप्रायैः, गुणैः शिष्यं प्रबोधयेत् ।
पश्चात् सर्वमिदं ब्रह्म, शुद्धस्त्वमिति बोधयेत् ॥१३॥

પહેલા શમ-દમ વગેરે ગુણોથી શિષ્યને બોધ પમાડવો. પછી જ 'બધું જ બ્રહ્મરૂપ છે, તું શુદ્ધ છે' એમ જણાવવું.

२/५० अज्ञस्यार्धप्रबुद्धस्य, सर्वं ब्रह्मेति यो वदेत् ।
महानरकजालेषु, स तेन विनियोजितः ॥१४॥

અજ્ઞાની કે અર્ધજ્ઞાનીને જે બધું બ્રહ્મરૂપ છે એમ કહે, તે તેને મહાનરકમાં પાડે છે.

२/५१ तेनादौ शोधयेत् चित्तं, सद्विकल्पैर्व्रतादिभिः ।
यत् कामादिविकाराणां, प्रतिसङ्ख्याननाश्यता ॥१५॥

એટલે પહેલાં વ્રત વગેરે સારા વિચારોથી ચિત્તને શુદ્ધ કરવું. કારણકે કામવાસના વગેરે વિકારો, વિરોધી વિચારોથી જ નાશ પામે છે.

२/५६ व्रतादिः शुभसङ्कल्पो, निर्णाश्याशुभवासनाम् ।
दाह्यं विनेव दहनः, स्वयमेव विनङ्क्ष्यति ॥१६॥

વ્રત વગેરે શુભ વિચારો, અશુભ વિચારોનો નાશ કરીને ઈંધણ વિનાના અગ્નિની જેમ સ્વયં જ નાશ પામે છે.

~~ જ્ઞાન - ક્રિયા ~~

३/१३ क्रियाविरहितं हन्त ! ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥१७॥

ક્રિયા વિનાનું એકલું જ્ઞાન નિરર્થક છે. રસ્તો જાણનાર પણ ચાલ્યા વગર ઇચ્છિત નગરે પહોંચતો નથી.

३/१५ बाह्यभावं पुरस्कृत्य, येऽक्रिया व्यवहारतः ।
वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ॥१८॥

ક્રિયા તો બાહ્યભાવ છે એમ કહીને જેઓ વ્યવહારથી ક્રિયા વિનાના છે, તેઓ મોઢામાં કોળિયો નાંખ્યા વિના તૃપ્તિને ઇચ્છી રહ્યા છે.

३/३३ इत्थं च ज्ञानिनो ज्ञान-नाश्यकर्मक्षये सति ।
क्रियैकनाश्यकर्मौघ-क्षयार्थं साऽपि युज्यते ॥१९॥

આ પ્રમાણે જ્ઞાનીને જ્ઞાનથી નાશ પામતા કર્મનો નાશ થવા છતાં, ક્રિયાથી નાશ પામતાં કર્મના ક્ષય માટે ક્રિયા પણ જરૂરી છે.

३/३८ तेन ये क्रियया मुक्ता, ज्ञानमात्राभिमानिनः ।
ते भ्रष्टा ज्ञानकर्माभ्यां, नास्तिका नात्र संशयः ॥२०॥

માટે ક્રિયા વિનાના જેઓ માત્ર જ્ઞાનનું અભિમાન ધરાવનારા છે, તે જ્ઞાન-કર્મ બંનેથી ભ્રષ્ટ નાસ્તિકો છે, એમાં કોઈ શંકા નથી.

३/३९ ज्ञानोत्पत्तिं समुद्भाव्य, कामादीनन्यदृष्टितः ।
अपह्नुवानैर्लोकेभ्यो, नास्तिकैर्वञ्चितं जगत् ॥२१॥

'અમને જ્ઞાન ઉત્પન્ન થયું છે (એટલે અમે ભોગ ભોગવીએ તો ય લેપાતા નથી)' એવું કહીને પોતાના ભોગોને બીજાની નજરથી છુપાવનારા નાસ્તિકોએ આ જગતને છેતર્યું છે.

३/४२ ज्ञाने चैव क्रियायां च, युगपद् विहितादरः ।
द्रव्यभावविशुद्धः सन्, प्रयात्येव परं पदम् ॥२२॥

જ્ઞાન અને ક્રિયા બંનેમાં એકસાથે આદર કરનાર દ્રવ્ય અને ભાવથી વિશુદ્ધ થઈને મોક્ષને પામે જ છે.

३/३७ सम्प्राप्तकेवलज्ञाना,
अपि यज्जिनपुङ्गवाः ।
क्रियां योगनिरोधाख्यां,
कृत्वा सिद्ध्यन्ति नान्यथा ॥२३॥

કેવળજ્ઞાન પામેલા જિનેશ્વરો પણ યોગનિરોધ રૂપ ક્રિયા કરીને જ સિદ્ધ થાય છે, અન્યથા નહીં.

~~ સમતા ~~

४/२ आत्मप्रवृत्तावतिजागरुकः,
परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानन्दपदोपयोगी,
लोकोत्तरं साम्यमुपैति योगी ॥२४॥

પોતાની પ્રવૃત્તિમાં અત્યંત જાગૃત, બીજાની પ્રવૃત્તિમાં આંધળો-બહેરો-મૂંગો, હંમેશા જ્ઞાનાનંદમાં મસ્ત એવો યોગી લોકોત્તર સમતાને પામે છે.

૪/૩ परीषहैश्च प्रबलोपसर्ग-
योगाच्चलत्येव न साम्ययुक्तः ।
स्थैर्याद् विपर्यासमुपैति जातु,
क्षमा न शैलैर्न च सिन्धुनाथैः ॥२५॥

સમતાયુક્ત (સાધુ) પરીષહ કે પ્રબળ ઉપસર્ગોથી ચલિત થતો નથી. પૃથ્વી કંઈ પર્વતો કે સમુદ્રોથી સ્થિરતાને છોડતી નથી. (ધ્રૂજતી નથી.)

૪/૮ विना समत्वं प्रसरन्ममत्वं,
सामायिकं मायिकमेव मन्ये ।
आये समानां सति सद्गुणानां,
शुद्धं हि तच्छुद्धनया विदन्ति ॥२६॥

સમત્વ વિનાનું અને મમત્વ જેમાં પ્રસરતું હોય તેવું સામાયિક દંભી છે. શુદ્ધ નયો સમતા અને સદ્ગુણોનો લાભ થાય તો જ સામાયિકને શુદ્ધ કહે છે.

૪/૧૧ अल्पेऽपि साधुर्न कषायवह्नौ,
अह्नाय विश्वासमुपैति भीतः ।
प्रवर्धमानः स दहेद् गुणौघं,
साम्याम्बुपूरैर्यदि नापनीतः ॥२७॥

(કષાયથી) ડરતો સાધુ અલ્પ પણ કષાય રૂપી અગ્નિ પર જરા પણ વિશ્વાસ મૂકતો નથી. જો તેને સમતા રૂપી પાણીના પ્રવાહ વડે દૂર ન કરાય તો વધતો વધતો તે ગુણના સમૂહને બાળી નાંખે છે.

४/१३ साम्यं विना यस्य तपःक्रियादेः,
निष्ठा प्रतिष्ठाऽर्जनमात्र एव ।
स्वर्धेनुचिन्तामणिकामकुम्भान्,
करोत्यसौ काणकपर्दमूल्यान् ॥२८॥

સમતા વિના જે માત્ર પ્રસિદ્ધિ મેળવવા માટે તપ-ક્રિયા વગેરે કરે છે, તે કામધેનુ-ચિંતામણિ કે કામકુંભ જેવા ધર્મને ફૂટી કોડી જેવો કરે છે.

४/१४ ज्ञानी क्रियावान् विरतस्तपस्वी,
ध्यानी च मौनी स्थिरदर्शनश्च ।
साधुर्गुणं तं लभते न जातु,
प्राप्नोति यं साम्यसमाधिनिष्ठः ॥२९॥

જ્ઞાની, ક્રિયાવાન્, વિરત, તપસ્વી, ધ્યાની, મૌની કે સ્થિર સમ્યગ્દર્શનવાળો સાધુ પણ તે લાભ પામતો નથી, જે લાભને સમતામગ્ન સાધુ પામે છે.

४/१५ दुर्योधनेनाभिहतश्चुकोप,
न पाण्डवैर्यो न नुतो जहर्ष ।
स्तुमो भदन्तं दमदन्तमन्तः,
समत्ववन्तं मुनिसत्तमं तं ॥३०॥

જે દુર્યોધન વડે હણાયા છતાં ગુસ્સે ન થયા, પાંડવો વડે નમસ્કાર કરાવા છતાં ખુશ ન થયા, તે અંતઃકરણમાં સમતાવાળા, શ્રેષ્ઠ મુનિ ભગવંત દમદંતની અમે સ્તુતિ કરીએ છીએ.

४/१६ यो दह्यमानां मिथिलां निरीक्ष्य,
शक्रेण नुन्नोऽपि नमिः पुरीं स्वाम् ।
न मेऽत्र किञ्चिज्ज्वलतीति मेने,
साम्येन तेनोरुयशो वितेने ॥३१॥

જે નમિરાજાએ પોતાની મિથિલા નગરીને બળતી જોઈને ઈન્દ્ર વડે પ્રેરણા કરાવા છતાં પણ 'આમાં મારું કંઈ બળતું નથી' એમ માન્યું; તેમણે સમતાથી ઘણો યશ મેળવ્યો.

४/१७ साम्यप्रसादास्तवपुर्ममत्वाः,
सत्त्वाधिकाः स्वं ध्रुवमेव मत्वा ।
न सेहिरेऽर्तिं किमु तीव्रयन्त्र-
निष्पीडिताः स्कन्धकसूरिशिष्याः ? ॥३२॥

સમતાના પ્રભાવે શરીર પરનું મમત્વ જેમણે નષ્ટ કર્યું છે તેવા, વિશિષ્ટ સત્ત્વવાળા, તીવ્ર યંત્રમાં પીલાતા સ્કંધકસૂરિના શિષ્યોએ પોતાને (આત્માને) નિત્ય માનીને શું પીડા સહન ન કરી ?

४/१८ लोकोत्तरं चारुचरित्रमेतद्,
मेतार्यसाधोः समतासमाधेः ।
हृदाऽप्यकुप्यन् न यदार्द्रचर्म-
बद्धेऽपि मूर्धन्ययमाप तापम् ॥३३॥

સમતામગ્ન મેતાર્ય મુનિનું આ લોકોત્તર સુંદર ચરિત્ર છે કે ભીનાં ચામડાંથી મસ્તક બંધાવાથી સખત તાપ થવા છતાં મનથી પણ ગુસ્સે ન થયા.

४/१९ जज्वाल नान्तः श्वसुराधमेन,
प्रोज्ज्वालितेऽपि ज्वलनेन मौलौ ।
मौलिर्मुनीनां स न कैर्निषेव्यः ?
कृष्णानुजन्मा समताऽमृताब्धिः ॥३४॥

અધમ સસરા વડે મસ્તક પર મૂકાયેલા અંગારા વડે સળગાવાં છતાં જે મનમાં પણ સળગ્યા નહીં, તે સમતામૃતના સમુદ્ર સમાન, મુનિઓમાં શ્રેષ્ઠ કૃષ્ણના નાના ભાઈ (ગજસુકુમાળ) કોના વડે પૂજ્ય નથી ?

૪/૨૦ गङ्गाजले यो न जहौ सुरेण,
विद्धोऽपि शूले समताऽनुवेधम् ।
प्रयागतीर्थोदयकृन्मुनीनां,
मान्यः स सूरिस्तनुजोऽर्णिकायाः ॥३५॥

ગંગાનદીમાં દેવ વડે શૂળમાં વીંધાવા છતાં જેમણે સમતાને છોડી નહીં, તે પ્રયાગતીર્થનો ઉદય કરનાર, અર્ણિકાપુત્ર આચાર્ય મુનિઓને પૂજ્ય છે.

૪/૨૧ स्त्रीभ्रूणगोब्राह्मणघातजात-
पापादधःपातकृताभिमुख्याः ।
दृढप्रहारिप्रमुखाः क्षणेन,
साम्यावलम्बात् पदमुच्चमापुः ॥३६॥

સ્ત્રી-ગર્ભ-ગાય અને બ્રાહ્મણની હત્યાથી બાંધેલા પાપથી નરક તરફ જઈ રહેલા દૃઢપ્રહારી વગેરે પણ સમતાના આલંબને ક્ષણવારમાં મોક્ષને પામ્યા.

~~ वैराग्य-कल्पलता ~~

~~ સમતા ~~

૧/૧૨૬ समुद्धृतं पारगतागमाब्धेः,
समाधिपीयूषमिदं निपीय ।
महाशयाः ! पीतमनादिकालात्,
कषायहालाहलमुद्वमन्तु ॥३७॥

હે મહાનુભાવો ! સર્વજ્ઞના આગમરૂપી સમુદ્રમાંથી ઉદ્ધૃત કરેલા આ સમાધિરૂપી અમૃતનું પાન કરીને, અનાદિકાળથી પીધેલા કષાયરૂપી ઝેરને વમી નાખો.

१/१३० विना समाधिं परिशीलितेन,
क्रियाकलापेन न कर्मभङ्गः ।
शक्तिं विना किं समुपाश्रितेन,
दुर्गेण राज्ञो द्विषतां जयः स्यात् ? ॥३८॥

સમાધિ વિના માત્ર આચરેલ ક્રિયાથી કર્મનો નાશ ન થાય. શક્તિ (પરાક્રમ) વિના માત્ર કિલ્લાનો આશ્રય કરવાથી રાજા શત્રુઓને જીતી ન શકે.

१/१३६ अन्तः समाधेः सुखमाकलय्य,
बाह्ये सुखे नो रतिमेति योगी ।
अटत्यटव्यां क इवार्थलुब्धो,
गृहे समुत्सर्पति कल्पवृक्षे ? ॥३९॥

અંતરમાં સમાધિના સુખને અનુભવીને યોગી બાહ્ય સુખમાં આનંદ પામતો નથી. ઘરમાં કલ્પવૃક્ષ ઊગતું હોય તો કોણ ધનનો લોભી જંગલમાં રખડે ?

१/१४७ इतस्ततो भ्राम्यति चित्तपक्षी,
वितत्य यो रत्यरतिस्वपक्षौ ।
स्वच्छन्दतावारणहेतुरस्य,
समाधिसत्पञ्जरयन्त्रणैव ॥४०॥

જે ચિત્તરૂપી પક્ષી પોતાની રતિ-અરતિ રૂપી પાંખોને ફેલાવીને અહીં-તહીં ભટકે છે, તેની સ્વચ્છંદતાને રોકવા માટે સમાધિરૂપી પાંજરું જ ઉપાય છે.

૧/૧૫૬ असह्यया वेदनयाऽपि धीरा,
रुदन्ति नात्यन्तसमाधिशुद्धाः ।
कल्पान्तकालाग्निमहार्चिषाऽपि,
नैव द्रवीभावमुपैति मेरुः ॥४१॥

અત્યંત સમાધિમગ્ન ધીરપુરુષો, અસહ્ય વેદનાથી પણ દુઃખી થતા નથી. કલ્પાંતકાળના અગ્નિથી પણ મેરુપર્વત પીગળતો નથી.

૧/૨૩૩ ज्ञानी तपस्वी परमक्रियावान्,
सम्यक्त्ववानप्युपशान्तिहीनः ।
प्राप्नोति तं नैव गुणं कदापि,
समाहितात्मा लभते शमी यत् ॥४२॥

જ્ઞાની, તપસ્વી, શ્રેષ્ઠ ક્રિયાવાન્, સમ્યક્ત્વી પણ ઉપશમ રહિત આત્મા તે લાભ કદી પામતો નથી, જે સમાધિયુક્ત શાંત આત્મા પામે છે.

૧/૨૩૫ नूनं परोक्षं सुरसद्मसौख्यं,
मोक्षस्य चात्यन्तपरोक्षमेव ।
प्रत्यक्षमेकं समतासुखं तु,
समाधिसिद्धानुभवोदयानाम् ॥४३॥

સ્વર્ગનું સુખ પરોક્ષ છે, મોક્ષસુખ તો અત્યંત પરોક્ષ છે. જેણે સમાધિનો અનુભવ સિદ્ધ કર્યો છે, તેમનું સમતાસુખ જ એકમાત્ર પ્રત્યક્ષ છે.

१/१३२ न दोषदर्शिष्वपि रोषपोषो,
गुणस्तुतावप्यवलिप्तता नो ।
न दम्भसंरम्भविधेर्लवोऽपि,
न लोभसंक्षोभजविप्लवोऽपि ॥४४॥

સમાધિમાન્ આત્માને પોતાના દોષ જોનાર પર ગુસ્સો ન હોય, પોતાના ગુણની પ્રશંસા કરવા પર પણ આનંદ ન હોય, દંભનો અંશ પણ ન હોય અને લોભનો ખળભળાટ ન હોય...

१/१४४ लाभेऽप्यलाभेऽपि सुखे च दुःखे,
ये जीवितव्ये मरणे च तुल्याः ।
रत्याऽप्यरत्याऽप्यनिरस्तभावाः,
समाधिसिद्धा मुनयस्त एव ॥४५॥

જે લાભ અને અલાભ, સુખ અને દુઃખ, જીવન અને મરણમાં તુલ્ય દૃષ્ટિવાળા છે, રતિ કે અરતિથી જેના ભાવ નષ્ટ થતા નથી, તે મુનિઓએ જ સમાધિ સિદ્ધ કરી છે.

१/१५४ उग्रे विहारे च सुदुष्करायां,
भिक्षाविशुद्धौ च तपस्यसह्ये ।
समाधिलाभव्यवसायहेतोः,
क्व वैमनस्यं मुनिपुङ्गवानाम् ? ॥४६॥

સમાધિની પ્રાપ્તિ માટેની જ પ્રવૃત્તિ હોવાના કારણે ઉગ્ર વિહાર, અતિ દુષ્કર નિર્દોષ ભિક્ષા અને અસહ્ય તપ પર સાધુઓને અરુચિ ક્યાંથી હોય ?

१/१४९ इष्टप्रणाशेऽप्यनभीष्टलाभे-
ऽनित्यस्वभावं नियतिञ्च जानन् ।
सन्तापमन्तर्न समाधिवृष्टि-
विध्यातशोकाग्निरुपैति साधुः ॥४७॥

સમાધિરૂપી વર્ષાથી જેનો શોકરૂપી અગ્નિ શાંત થયો છે તેવો સાધુ ઈષ્ટના નાશ કે અનિષ્ટના લાભમાં પણ તેની અનિત્યતા તથા ભવિતવ્યતાને જાણતો હોવાથી અંતરમાં શોક પામતો નથી.

१/१६३ रणाङ्गणे शूरपुरस्सरास्तु,
पश्यन्ति पृष्ठं न हि मृत्युभीताः ।
समाहिताः प्रव्रजितास्तथैव,
वाञ्छन्ति नोत्प्रव्रजितुं कदाचित् ॥४८॥

શૂરવીરો મોતથી ડરીને યુદ્ધમેદાનમાં પાછું વાળીને જોતાં નથી. તે જ રીતે સમાધિસંપન્ન સાધુઓ દીક્ષા છોડવા ક્યારેય ઈચ્છતા નથી.

१/१७५ न मूत्रविष्ठापिठरीषु रागं,
बध्नन्ति कान्तासु समाधिशान्ताः ।
अनङ्गकीटालयतत्प्रसङ्गं,
अब्रह्मदौर्गन्ध्यभियास्त्यजन्ति ॥४९॥

સમાધિયુક્ત સાધુઓ, મળ-મૂત્રની કોથળી જેવી સ્ત્રીઓ પર રાગ કરતા નથી. અબ્રહ્મરૂપી દુર્ગંધના ભયથી કામરૂપી કીડાઓના ઘરરૂપી સ્ત્રીનો સંગ પણ કરતા નથી.

૧/૨૨૮ रम्यं सुखं यद्विषयोपनीतं,
नरेन्द्रचक्रित्रिदशाधिपानाम् ।
समाहितास्तज्ज्वलदिन्द्रियाग्नि-
ज्वालाघृताहुत्युपमं विदन्ति ॥५०॥

રાજા, ચક્રવર્તી કે ઈન્દ્રોને જે ઈન્દ્રિયના વિષયોથી સુખ મળે છે, તેને સમાધિયુક્ત સાધુઓ ઈન્દ્રિયરૂપી સળગતા અગ્નિની જ્વાળામાં ઘીની આહુતિ જેવું કહે છે.

૧/૨૪૮ जना मुदं यान्ति समाधिसाम्य-
जुषां मुनीनां सुखमेव दृष्ट्वा ।
चन्द्रेक्षणादेव चकोरबालाः,
पीतामृतोद्गारपरा भवन्ति ॥५१॥

સમાધિયુક્ત સાધુના સુખને જોઈને જ લોકો પણ આનંદ પામે છે. ચકોરપક્ષી, ચંદ્રને જોવાથી જ પીધેલા અમૃતના ઓડકાર કરનારા થાય છે.

૧/૨૫૧ अपेक्षितान्तप्रतिपक्षपक्षैः,
कर्माणि बद्धान्यपि कर्मलक्षैः ।
प्रभा तमांसीव रवेः क्षणेन,
समाधिसिद्धा समता क्षिणोति ॥५२॥

સૂર્યની પ્રભા જેમ અંધકારનો ક્ષણમાં નાશ કરે છે; તેમ સમાધિથી સિદ્ધ થયેલ સમતા ઈચ્છિત ફળની વિરોધી એવી લાખો ક્રિયાઓ વડે બાંધેલા કર્મને હણે છે.

१/२५२ संसारिणो नैव निजं स्वरूपं,
पश्यन्ति मोहावृतबोधनेत्राः ।
समाधिसिद्धा समतैव तेषां,
दिव्यौषधं दोषहरं प्रसिद्धम् ॥५३॥

મોહથી આવરાયેલ જ્ઞાનરૂપી આંખવાળા સંસારીઓ પોતાના સ્વરૂપને જોઈ શકતા નથી. તેમના દોષને હરનારું દિવ્ય ઔષધ, સમાધિસિદ્ધ સમતા જ છે

१/२५३ बबन्ध पापं नरकैकवेद्यं,
प्रसन्नचन्द्रो मनसाऽप्रशान्तः ।
तत्कालमेव प्रशमे तु लब्धे,
समाधिभृत् केवलमाससाद ॥५४॥

મનથી અપ્રશાંત પ્રસન્નચંદ્ર રાજર્ષિએ નરકમાં જ ભોગવાય તેવું કર્મ બાંધ્યું. પણ તરત જ ઉપશમભાવ પ્રાપ્ત થવાથી સમાધિવંત એવા તેઓ કેવળજ્ઞાન પામ્યા.

१/२५४ षट्खण्डसाम्राज्यभुजोऽपि वश्या,
यत् केवलश्रीर्भरतस्य जज्ञे ।
न याति पारं वचसोऽनुपाधि-
समाधिसाम्यस्य विजृम्भितं तत् ॥५५॥

છ ખંડના સામ્રાજ્યને ભોગવનાર ભરત ચક્રીને પણ જેનાથી કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી વશ થઈ, તે શુદ્ધ સમાધિસામ્યનો મહિમા વાણીથી કહી શકાતો નથી.

१/२५५ अप्राप्तधर्माऽपि पुराऽऽदिमार्हन्-
माता शिवं यद् भगवत्यवाप ।
समाधिसिद्धा समतैव हेतुः,
तत्रापि बाह्यस्तु न कोऽपि योगः ॥५६॥

પહેલાં જેમણે ધર્મ પામ્યો જ નહોતો, તેવા આદિનાથ ભગવંતના માતા મરુદેવી મોક્ષ પામ્યા, તેમાં સમાધિસિદ્ધ સમતા જ કારણ છે, કોઈ બાહ્ય યોગ નહીં.

१/२४१ निरञ्जनाः शङ्खवदाश्रयन्तो-
ऽस्खलद्गतित्वं भुवि जीववच्च ।
वियद्वदालम्बनविप्रमुक्ताः,
समीरवच्च प्रतिबन्धशून्याः ॥५७॥

શંખની જેમ રંગ (આસક્તિ) રહિત, જીવની જેમ પૃથ્વી પર અસ્ખલિત વિહરનારા, આકાશની જેમ આલંબન વગરના, વાયુની જેમ પ્રતિબંધ વિનાના...

૧/૨૪૨ शरत्सरोनीरविशुद्धचित्ता,
लेपोज्झिताः पुष्करपत्रवच्च ।
गुप्तेन्द्रियाः कूर्मवदेकभावं,
उपागताः खड्गिविषाणवच्च ॥५८॥

શરદઋતુના જળની જેમ શુદ્ધ ચિત્તવાળા, કમળના પત્રની જેમ નિર્લેપ, કાચબાની જેમ ગુપ્ત ઇન્દ્રિયવાળા, ગેંડાના શિંગડાની જેમ એકાકીભાવને પામેલા...

૧/૨૪૩ सदा विहङ्गा इव विप्रमुक्ता,
भारण्डपक्षीन्द्रवदप्रमत्ताः ।
शौण्डीर्यभाजो गजवच्च जात-
स्थामप्रकर्षा वृषभा इवोच्चैः ॥५९॥

પક્ષીની જેમ સદા મુક્તવિહારી, ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત, હાથીની જેમ પરાક્રમી, વૃષભ(બળદ)ની જેમ ઉત્કૃષ્ટ શક્તિવાળા...

૧/૨૪૪ दुर्द्धर्षतां सिंहवदब्धिवच्च,
गम्भीरतां मन्दरवत् स्थिरत्वम् ।
प्राप्ताः सितांशूज्ज्वलसौम्यलेश्याः,
सूर्या इवात्यद्भुतदीप्तिमन्तः ॥६०॥

સિંહની જેવા દુર્જેય, સમુદ્ર જેવા ગંભીર, મેરુપર્વત જેવા સ્થિર-નિષ્પ્રકંપ, ચંદ્ર જેવી ઉજ્જ્વળ અને સૌમ્ય લેશ્યાવાળા અને સૂર્ય જેવી અદ્ભુત કાંતિવાળા...

१/२४५ सुजातरूपास्तपनीयवच्च,
भारक्षमा एव वसुन्धरावत् ।
ज्वलत्त्विषो वह्निवदुल्लसन्ति,
समाधिसाम्योपगता मुनीन्द्राः ॥६१॥

સુવર્ણ જેવા રૂપવાન્, પૃથ્વીની જેમ ભાર વહન કરવા સમર્થ અને અગ્નિની જેમ ચમકતાં.. સમાધિસામ્યને પામેલા મુનિઓ શોભે છે.

१/२४६ गजाश्च सिंहा गरुडाश्च नागाः,
व्याघ्राश्च गावश्च सुरासुराश्च ।
तिष्ठन्ति पार्श्वे मिलिताः समाधि-
साम्यस्पृशामुज्झितनित्यवैराः ॥६२॥

સમાધિસામ્યને પામેલા મુનિની પાસે હાથી અને સિંહ, ગરુડ અને સર્પ, વાઘ અને ગાય, દેવ અને દાનવ - બધા પોતાના નિત્યવૈરને છોડીને ભેગા થઈને ઊભા રહે છે.

१/१५५ समाधिभाजोऽपि विपद्दशायां,
न यान्ति धीराः करुणाऽऽस्पदत्वम् ।
जात्यस्य जायेत विवर्णभावः,
किमग्नितापादपि काञ्चनस्य ? ॥६३॥

સમાધિવંત ધીરપુરુષો વિપત્તિઓમાં પણ દીન બનતા નથી. જાત્યસુવર્ણ શું અગ્નિના તાપથી વિરૂપ થાય ખરું ?

૧/૧૬૮ यन्नैव सूत्रे विहितं न चापि,
निवारितं किन्तु चिरप्ररूढम् ।
समाहिता मार्गभिदाभियैव,
तदप्यनालोच्य न दूषयन्ति ॥६४॥

જેનું શાસ્ત્રમાં વિધાન નથી કે નિષેધ નથી, પણ લાંબા કાળથી ચાલ્યું આવે છે, તેનું સમાધિવંત સાધુઓ માર્ગભેદ થવાના ડરથી, વગર વિચારે ખંડન કરતા નથી.

૧/૧૭૪ कुत्सां मलक्लिन्नकलेवरेषु,
कुर्वन्ति नो शुद्धसमाधिभाजः ।
व्रजन्ति नोद्वेगमनिष्टभावात्,
निवर्तयन्त्यक्षि न चाप्रशस्तात् ॥६५॥

શુદ્ધ સમાધિવંત સત્પુરુષો મલમલિન શરીરની જુગુપ્સા કરતા નથી, અનિષ્ટ પદાર્થથી ઉદ્વેગ કરતા નથી, અસુંદર વસ્તુથી આંખ ફેરવી લેતા નથી.

૧/૨૨૯ समाहितस्वान्तमहात्मनां स्यात्,
सुखेऽप्यहो वैषयिके जिहासा ।
को वा विपश्चिन्ननु भोक्तुमिच्छेत्,
मिष्टान्नमप्युग्रविषेण युक्तम् ? ॥६६॥

સમાધિવંત મહાત્માઓને વૈષયિક સુખમાં પણ ત્યાગની જ ભાવના હોય છે. કયો જ્ઞાની, ઉગ્ર ઝેરવાળી એવી પણ મીઠાઈ ખાવા ઇચ્છે ?

~~ मार्गपरिशुद्धि प्रकरणम् ~~

१ ऐन्द्रश्रेणिनताय, प्रथमाननयप्रमाणरूपाय ।
भूतार्थभासनाय, त्रिजगद्गुरुशासनाय नमः ॥६७॥

ઈન્દ્રોની શ્રેણિ વડે નમાયેલા, નય-પ્રમાણના વિસ્તારરૂપ અને વાસ્તવિક અર્થને જણાવનારા ત્રણ જગતના ગુરુ એવા પ્રભુશાસનને નમસ્કાર થાઓ.

~~ નિશ્ચય - વ્યવહાર ~~

९ निश्चयतो निश्चयभाग्, मत्त इव भिनत्ति यश्चरणमुद्राम् ।
तस्य पदे व्यवहारो, वज्रमयी शृङ्खला देया ॥६८॥

જે નિશ્ચયનયને માનવાવાળો નિશ્ચય વડે પાગલની જેમ ચારિત્રરૂપી બંધનને તોડી નાખે છે, તેના પગમાં વ્યવહારરૂપી વજ્રમય સાંકળ બાંધવી.

१० अव्यवहारिणि जीवे, निश्चयनयविषयसाधनं नास्ति ।
ऊषरदेशे कथमपि, न भवति खलु शस्यनिष्पत्तिः ॥६९॥

વ્યવહાર વિનાના જીવમાં નિશ્ચયનયના વિષયને સિદ્ધ કરવાનું સાધન જ નથી. ઊષરભૂમિમાં કોઈ પણ રીતે પાક ઊગતો જ નથી.

११ व्यवहारप्रतिभासो, दुर्नयकृद्बालिशस्य भवबीजम् ।
व्यवहाराचरणं पुनः, अनभिनिविष्टस्य शिवबीजम् ॥७०॥

દુર્નયયુક્ત (એકાંત પકડવાળા) મૂર્ખનો વ્યવહારાભાસ, સંસારનું કારણ બને. પણ અનાગ્રહીનું વ્યવહારાચરણ તો મોક્ષનું જ કારણ છે.

१३ व्यवहारवतस्तनुरपि, बोधः सितपक्षचन्द्र इव वृद्धिम् ।
इतरस्य याति हानिं, पृथुरपि शितिपक्षचन्द्र इव ॥७१॥

વ્યવહારયુક્તનો અલ્પ પણ બોધ, સુદ પક્ષના ચંદ્રની જેમ વૃદ્ધિ પામે છે. વ્યવહાર વિનાનાનો ઘણો પણ બોધ વદ પક્ષના ચંદ્રની જેમ ઘટે છે.

~~ ગુરુકુળવાસ ~~

१४ अवगतसमयोपनिषद्-गुरुकुलवासः सतां सदा सेव्यः ।
आचारादौ निगदितमाद्यं, व्यवहारबीजमिदम् ॥७२॥

સજ્જનોએ શાસ્ત્રના રહસ્યને જાણનાર ગુરુના કુળનો વાસ, સદા સેવવો. આચારાંગસૂત્ર વગેરેમાં તે વ્યવહારનું પહેલું કારણ કહ્યું છે.

१५ अस्मादेव हि चरणं, सिद्ध्यति मार्गानुसारिभावेन ।
गुरुकुलवासत्यागे, नेयं भणिताऽकृतज्ञस्य ॥७३॥

તેનાથી (ગુરુકુળવાસથી) જ માર્ગાનુસારિતાના કારણે ચારિત્ર સિદ્ધ થાય છે. ગુરુકુળવાસના ત્યાગમાં અકૃતજ્ઞને ચારિત્રની સિદ્ધિ નથી હોતી.

१६ सामान्यधर्मतः खलु, कृतज्ञभावाद् विशिष्यते चरणं ।
सामान्यविरहिणि पुनः, न विशेषस्य स्थितिर्दृष्टा ॥૭૪॥

કૃતજ્ઞભાવરૂપ સામાન્ય ધર્મથી ચારિત્ર વિશિષ્ટ છે. જો સામાન્ય (કૃતજ્ઞભાવ) જ ન હોય તો વિશિષ્ટ(ચારિત્ર)ની સંભાવના જ નથી..

१७ तस्माद् गुरुकुलवासः,
श्रयणीयश्चरणधनविवृद्धिकृते ।
गुरुरपि गुणवानेव,
श्लाघ्यत्वमुपैति विमलधियाम् ॥૭૫॥

એટલે ચારિત્રરૂપી ધનની વૃદ્ધિ માટે ગુરુકુળવાસ સેવવો. નિર્મળ બુદ્ધિવાળા માટે ગુણવાન્ ગુરુ જ પ્રશંસનીય બને છે.

१२ गुरुपारतन्त्र्यस्यातो, माषतुषादेः पुमर्थसंसिद्धिः ।
स्फटिक इव पुष्परूपं, तत्र प्रतिफलति गुरुबोधः ॥૭૬॥

એટલે માષતુષ વગેરેને ગુરુપારતંત્ર્યથી મોક્ષપુરુષાર્થ સિદ્ધ થયો. સ્ફટિકમાં પુષ્પના રંગની જેમ ગુરુપારતંત્ર્ય હોય ત્યાં ગુરુનું જ્ઞાન પ્રતિબિંબિત થઈને ફળ આપે છે.

११३ इभ्यो नृपमिव शिष्यः, सेवेत गुरुं ततो विनयवृद्ध्या ।
सद्दर्शनानुरागादपि, शुद्धिर्गौतमस्येव ॥૭૭॥

શેઠ જેમ રાજાની સેવા કરે તેમ શિષ્યએ ગુરુની સેવા કરવી. તેનાથી ગૌતમસ્વામીની જેમ વિનયની વૃદ્ધિ દ્વારા અને સદ્દર્શનના અનુરાગથી શુદ્ધિ (નિર્જરા) થાય છે.

૧૧૪ गुरुसेवाऽभ्यासवतां, शुभानुबन्धो भवे परत्रापि ।
तत्परिवारो गच्छः, तद्वासे निर्जरा विपुला ॥७८॥

ગુરુસેવાનો અભ્યાસ કરનારને પરલોકમાં પણ શુભ અનુબંધ થાય છે. ગુરુનો પરિવાર એ ગચ્છ છે. તેમાં રહેવામાં વિપુલ નિર્જરા છે.

~~ આચાર્યપદ ~~

૨૫૬ व्यूढो गणधरशब्दो, गौतममुख्यैः स्वयं पुरुषसिंहैः ।
यस्तमपात्रे धत्ते, जानानोऽसौ महापापः ॥७९॥

'ગણધર'પદ ગૌતમ વગેરે મહાપુરુષોએ વહન કર્યું છે. જે અપાત્રને જાણવા છતાં તે પદ આપે, તે મહાપાપી છે.

૨૬૦ पददानेऽयोग्यानां, गुरुतरगुणमलनया परित्यक्ताः ।
शिष्या भवन्ति नियमाद्, आज्ञाकोपेन चात्माऽपि ॥८०॥

અયોગ્યને પદ આપવાથી, મોટા ગુણોના નાશથી શિષ્યોનું અવશ્ય અહિત કરાય છે અને આજ્ઞાભંગથી પોતાનું પણ અહિત કરાય છે.

૨૮૧ युष्माभिरपि च नायं, मोक्तव्यो भववने महागहने ।
सिद्धिपुरसार्थवाहः, क्षणमपि नित्यं तु संसेव्यः ॥८१॥

"તમારે (શિષ્યોએ) પણ મહાગહન સંસારવનમાં, સિદ્ધિ-નગરના સાર્થવાહ એવા આ ગુરુને ક્ષણવાર પણ છોડવા નહીં, સદા સેવા કરવી.

૨૮૨ आज्ञाकोपोऽपरथा, स्यादतिदुःखप्रदस्तदेतस्य ।
निर्भर्त्सितैरपि पदौ, न त्याज्यौ कुलवधूज्ञातात् ॥८२॥

નહીં તો અત્યંત દુઃખદાયક એવો આજ્ઞાભંગ થશે. એટલે ગુરુ કઠોર વચનો કહે તો પણ કુળવાન્ પુત્રવધૂની જેમ તેમના ચરણ છોડવા નહીં." (આ પ્રમાણે આચાર્ય શિષ્યોને હિતશિક્ષા આપે છે.)

~ શિષ્ય ~

૨૬ गुणवानेव हि शिष्यो, लोकद्वयहितकरो गुरोर्भवति ।
इतरस्त्वार्त्तध्यानं, श्रद्धाऽभावात् प्रवर्द्धयति ॥८३॥

ગુણવાન શિષ્ય જ ગુરુને બંને લોકમાં હિતકર થાય છે. બીજો (ગુણથી રહિત) તો શ્રદ્ધાના અભાવના કારણે (ગુરુને) આર્તધ્યાન જ વધારે છે.

૨૨ उत्पन्नमार्यदेशे, जातिकुलविशुद्धमल्पकर्माणम् ।
कृशतरकषायहासं, कृतज्ञमविरुद्धकार्यकरम् ॥८४॥

આર્યદેશમાં ઉત્પન્ન થયેલ, શુદ્ધ જાતિ-કુલવાળો, હળુકર્મી, અલ્પકષાયી, અલ્પહાસ્ય, કૃતજ્ઞ, લોકવિરુદ્ધ કાર્ય ન કરનાર...

२३ मरणनिमित्तं जन्म, श्रीश्चपला दुर्लभं च मनुजत्वम् ।
न परनिमित्तं निजसुखं, इति चिन्तोत्पन्नवैराग्यम् ॥८२॥

"જન્મ મરણ માટે જ છે, લક્ષ્મી ચંચળ છે, મનુષ્યપણું દુર્લભ છે, પોતાનું સુખ પરપદાર્થને આધીન નથી" એવા ચિંતનથી ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળો (દીક્ષાને યોગ્ય છે.)

२५ नानीदृशस्य हृदये,
रमते जिनगीर्भवाभिनन्दितया ।
कुङ्कुमरागो वाससि,
मलिने न कदाऽपि परिणमते ॥८६॥

જે આવો નથી, તે ભવાભિનંદી હોવાથી તેને હૃદયમાં જિનવાણી રુચતી નથી. મેલા વસ્ત્રમાં કુંકુમનો રંગ કદી ચડતો નથી.

— દાનાદિ ધર્મો —

२५२ यः सद् बाह्यमनित्यं, दानं दत्ते न शक्तिमान् लुब्धः ।
दुर्द्धरतरं कथमयं, बिभर्ति शीलव्रतं क्लीबः ? ॥८७॥

જે બાહ્ય અને અનિત્ય એવી વસ્તુનું દાન શક્તિ હોવા છતાં લોભના કારણે આપતો નથી, તે કાયર, વધારે કઠિન એવા શીલવ્રતને કઈ રીતે ધારણ કરશે ?

२५३ नाशीलः शुद्धतपः, कर्तुं सहते न मोहपरतन्त्रः ।
शक्त्या तपोऽप्यकुर्वन्, भावयति सुभावनाजालम् ॥८८॥

શીલ વિનાનો શુદ્ધતપ કરી ન શકે. અને મોહાધીન થઈને શક્તિ મુજબ તપ ન કરનાર શુભ ભાવના ભાવી ન શકે.

१११ सद्योगवृद्धिजननं,
सद्ध्यानसमन्वितं त्वनशनादि ।
कुर्यात् तपोऽपि यस्माद्,
अपैति चितमांसशोणितता ॥८१॥

સદ્યોગ વધારનાર અને સદ્ધ્યાન યુક્ત એવો અનશન વગેરે તપ કરવો કે જેનાથી (શરીરની) હૃષ્ટપુષ્ટતા ઘટે.

८२ येन क्षुदादयः खलु, कर्मक्षयकारणानि भावयतेः ।
ज्वरिणामिह बाधन्ते, कटुकौषधपानमिव न मनः ॥९०॥

તાવવાળાને કડવી પણ દવા દુઃખી કરતી નથી, તેમ ભૂખ વગેરે પણ કર્મક્ષયના કારણ હોવાથી ભાવસાધુના મનને દુઃખી કરતા નથી.

१५९ असकृदपि क्षाराद्यैः, प्राप्तैरप्राप्तवेधपरिणामः ।
वेधं शुद्धिं च यथा, जात्यमणिर्याति तैरेव ॥९१॥

અનેકવાર ક્ષાર વગેરે પામવા છતાં પણ જેનો વેધ નથી થયો તેવો જાત્ય મણિ જેમ છેવટે તેનાથી જ વેધ અને શુદ્ધિને પામે છે...

१६० अकलितवीर्योल्लासः, तथा श्रुतादप्यनन्तशः प्राप्तात् ।
लभते वीर्योल्लासं, भव्यः शुद्धिं च तत एव ॥९२॥

તેમ અનંતવાર પ્રાપ્ત થયેલ શ્રુતથી વીર્યોલ્લાસ ન પામેલો ભવ્ય જીવ પણ છેવટે તેનાથી જ વીર્યોલ્લાસ અને શુદ્ધિને પામે છે.

~~ સમ્યક્ત્વ ~~

१७२ द्रव्याख्यं सम्यक्त्वं, जिनवचनं तत्त्वमिति रुचिः परमा ।
भूतार्थबोधशक्त्या, परिणमते भावसम्यक्त्वम् ॥९३॥

"જિનવચન એ જ તત્ત્વ છે" એવી અત્યંત રુચિ એ દ્રવ્યસમ્યક્ત્વ છે. તત્ત્વોના અર્થના જ્ઞાનની શક્તિથી ભાવસમ્યક્ત્વ આવે છે.

१७३ अज्ञातगुणे सम्यग्, या श्रद्धा भवति सुन्दरे रत्ने ।
हन्त ततोऽनन्तगुणा, विज्ञातगुणे पुनस्तस्मिन् ॥९४॥

જેના ગુણનું વ્યવસ્થિત જ્ઞાન નથી એવા સુંદર રત્ન પર જે શ્રદ્ધા હોય છે, તેનાથી અનંતગુણ શ્રદ્ધા તેના પર જ ગુણનું જ્ઞાન થવા પર થાય છે. (એટલે તત્ત્વાર્થના જ્ઞાનથી ભાવસમ્યક્ત્વ આવે છે.)

१३४ अविनिश्चितो हि न भवेद्,
अपवादोत्सर्गविषयवित् सम्यक् ।
अविषयदेशनया च,
स्वपरविनाशी स नियमेन ॥९५॥

જેને અર્થનો નિશ્ચય નથી, તે ઉત્સર્ગ-અપવાદના વિષયને સમ્યક્ જાણતો નથી. અને જે જેનો વિષય નથી તેને તેવી દેશના આપવાથી તેવો ઉપદેશક અવશ્ય સ્વ-પરનું અહિત કરનાર થાય છે.

२९१ निरुपक्रमकर्मवशात्, नित्यं मार्गैकदत्तदृष्टिरपि ।
चरणकरणे त्वशुद्धे, शुद्धं मार्गं प्ररूपयतु ॥९६॥

સદા માર્ગનું જ લક્ષ્ય રાખવા છતાં નિરુપક્રમ કર્મના કારણે ચારિત્ર શુદ્ધ પાળી ન શકાય તો પણ માર્ગ તો શુદ્ધ જ કહેવો.

२९२ दर्शनशास्त्राभ्यासाद्,
हीनोऽपि पथप्रभावनोद्युक्तः ।
यल्लभते फलमतुलं,
न तत् क्रियामात्रमग्नमतिः ॥९७॥

ચારિત્રમાં શિથિલ હોવા છતાં દર્શનશાસ્ત્રોના અભ્યાસના કારણે શાસનપ્રભાવનામાં પ્રયત્નશીલ જે અતુલ ફળ મેળવે છે, તે માત્ર ક્રિયામાં મગ્ન બુદ્ધિવાળો (અજ્ઞાની) નથી મેળવી શકતો.

२२१ शुद्धेतरपरिणामौ, निश्चयतो मोक्षबन्धनोपायौ ।
अत्याज्यसन्निधानाः, परपरिणामा उदासीनाः ॥९८॥

નિશ્ચયથી પોતાનો શુદ્ધ પરિણામ (અધ્યવસાય) મોક્ષનું કારણ છે અને અશુદ્ધ પરિણામ બંધનું કારણ છે. અશક્ય-પરિહારરૂપ અન્ય (પદાર્થ કે વ્યક્તિના) પરિણામો બંધ-મોક્ષના કારણ બનતા નથી.[1]

३०३ स्नेहालिङ्गितवपुषो, रेणुभिराश्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषास्तमतेः, कर्मस्कन्धैस्तथा श्लेषः ॥९९॥

તેલથી માલિશ કરાયેલા શરીરવાળાનું શરીર જેમ ધૂળથી ખરડાય છે, તેમ રાગ-દ્વેષના કારણે નાશ પામેલ બુદ્ધિવાળાને કર્મસ્કંધો ચોંટે છે.

३१० मायोदकं यथावत्, पश्यन् यात्येव तेन मार्गेण ।
पश्यन्नलीकरूपान्, भोगानुल्लङ्घयत्येवम् ॥१००॥

આભાસી જળને યથાવસ્થિત જોનાર માણસ તે જ રસ્તે જાય છે (અટકતો નથી). તેમ ભોગોને મિથ્યારૂપ જાણનાર, તેમને ઓળંગી જાય છે.

३११ तांस्तत्त्वेन तु जानन्, मग्नो भावेन मोहजम्बाले ।
उभयभ्रष्टः स्पष्टं, निरन्तरं खेदमनुभवति ॥१०१॥

---

૧. અપ્રમત્ત પુરુષાર્થ છતાં અશક્યપરિહારરૂપે જીવ મરે તોપણ હિંસાથી થતો કર્મબંધ થતો નથી, કારણકે સાધુનો પરિણામ જીવદયાનો છે અને યથાશક્તિ પુરુષાર્થ પણ છે.

ભોગોને સાચા માનનાર ભાવથી મોહજાળમાં મગ્ન થયેલો ઉભય (ધર્મ અને ભોગ)થી ભ્રષ્ટ થઈને સતત દુઃખ અનુભવે છે.

~~ કષ - છેદ - તાપ શુદ્ધિ ~~

१७५ सूक्ष्मोऽस्त्यशेषविषयः, सावद्ये यत्र कर्मणि निषेधः ।
रागादिकुट्टनसहं, ध्यानं च स नाम कषशुद्धः ॥१०२॥

જ્યાં સાવદ્ય કાર્યમાં સૂક્ષ્મ અને સંપૂર્ણ નિષેધ હોય અને રાગાદિનું નાશ કરવામાં સમર્થ ધ્યાન હોય તે કષશુદ્ધ ધર્મ છે.

१७६ नो कार्या परपीडा, यथाऽत्र मनसा गिरा च वपुषा च ।
ध्यातव्यं च नितान्तं, रागादिविपक्षजालं तु ॥१०३॥

જેમ કે 'મન-વચન કે કાયાથી બીજાને દુઃખ ન આપવું અને રાગ વગેરેના વિરોધી તત્ત્વોનું ધ્યાન કરવું'.

१८३ एतेन विधिनिषेधौ, बाध्येते यत्र नैव नियमेन ।
सम्भवतः परिशुद्धौ, ब्रुवते तं छेदपरिशुद्धम् ॥१०४॥

જ્યાં કહેલા વિધિ-નિષેધ બાધિત ન જ થાય પણ શુદ્ધ સંભવે, તેને છેદશુદ્ધ ધર્મ કહે છે.

१८४ समितिसु पञ्चसु च तथा,
तिसृषु च गुप्तिषु सदाऽप्रमत्तेन ।
विधिना यतिना कार्यं,
कर्तव्यं कायिकाद्यपि हि ॥१०५॥

જેમ કે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સદા અપ્રમત્ત-પણે સાધુએ વિધિપૂર્વક લઘુનીતિ વગેરે ક્રિયાઓ કરવી...

१८५ अपि च प्रमादजनकाः,
त्याज्याः वासादयः परम्परया ।
मधुकरवृत्त्या भिक्षा-
लब्ध्याऽऽत्मा पालनीयश्च ॥१०६॥

વળી, પરંપરાએ પ્રમાદના જનક એવા નિત્યવાસ વગેરેનો ત્યાગ કરવો અને મધુકરવૃત્તિથી ભિક્ષા મેળવીને પોતાનો નિર્વાહ કરવો..

१९१ जीवादिभाववादो,
दृष्टेष्टाभ्यां न यः खलु विरुद्धः ।
तापविशुद्धः सोऽन्यो,
द्वाभ्यामपि नैव शुद्धः स्यात् ॥१०७॥

જે જીવાદિ તત્ત્વોની વાત પ્રત્યક્ષ કે અન્ય આગમવચનથી વિરુદ્ધ ન હોય, તે ધર્મ તાપશુદ્ધ છે. તે સિવાયનો (તાપથી શુદ્ધ નહીં તેવો) ધર્મ કષ-છેદથી શુદ્ધ હોય તો પણ વાસ્તવમાં શુદ્ધ નથી.

१९२ इह सदसदादिरूपे, जीवे बन्धादि युज्यते सर्वम् ।
नानीदृशे तु किञ्चित्, वरश्रुतं शुद्धमित्थं तत् ॥१०८॥

સદસદ્ વગેરેરૂપ જીવમાં બંધ-મોક્ષ વગેરે સંભવી શકે. તે સિવાયના (એકાંતનિત્ય વગેરે) જીવમાં (બંધ આદિ) કશું ન સંભવે. આમ, જિનવચન જ શુદ્ધ છે.

ૐ ह्रीं